શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

# પાટણ પ્રતિબિંબ

૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦. ☎ ૨૨૮૧ ૧૩૪૬ ટેલીફેક્સ : ૨૨૮૧ ૧૨૧૮
E-mail : patanmandal@gmail.com • www.patanmandal.org

વર્ષ ૫ • સળંગ અંક ૫૫ • જૂન, ૨૦૧૧ • Regd. No. MH / MR / South-135/2009-11
• RNI. Regd. No. MAHGUJ / 2006 / 18379 • PRICE Rs. 2/- PER COPY •

## પ્રમુખ સ્થાનેથી...

સ્નેહી સ્વજન,
જય જિનેન્દ્ર!

''રાષ્ટ્રીય એકતાનું ચણતર કોઈ ઈંટ અને ચૂના વડે કરી શકાય નહીં, એ તો માણસના દિલ અને દિમાગમાં શાંતિપૂર્વક પાંગરવી જોઈએ અને એ માટેની પ્રક્રિયા કેળવણી દ્વારા જ શક્ય બની શકે!''

ડૉ. રાધાકૃષ્ણન

પાટણની અસ્મિતા, સંસ્કારિતાની મહેક, શીલ, સંયમ અને સૌમ્યતાના ગુણોએ આપણને ઉજ્જવળ બનાવ્યા છે. આગવા તરી આવતા પટણીઓએ માત્ર ધનસંચય જ કર્યો છે એવું નથી. અત્ર, તત્ર કે સર્વત્ર માનવતા અને સમાજનો સાદ સાંભળી સખાવતો આપવામાં પણ તેઓ સદૈવ અગ્રેસર રહ્યા છે. આદાન પ્રદાન માટે સઘન અને સમર્થ ભૂમિકા નિભાવવાના આપણા પ્રયત્નો અનન્ય રહ્યા છે. છતાં કંઈક, ક્યાંક ઘટે છે, એવું લાગ્યા વગર રહેતું નથી. આત્મ પરીક્ષણ અને વિચાર વિનિમય થકી ઝાઝા હાથ રળિયામણાનું સત્ય અને તથ્ય સ્વીકારી નિભાવવાનો સમય હવે પાકી ગયો છે. અત્યાર સુધીની અનુભવ યાત્રા આપણા સૌ માટે તડકા છાંયડાના મિશ્રણ સભર રહી છે. શતાબ્દી વર્ષની ઉજવણી અવસરે સંસ્થાના ઇતિહાસની ઉજ્જવળતા ઉદ્દીપ્ત અને પ્રદિપ્ત કરતી સંસ્કાર જ્યોતિને પ્રજ્વલિત કરવા, સહિયારો પ્રયત્ન કરવા આપ મહાનુભાવોને મારું હાર્દિક ઈજન છે.

શૈક્ષણિક સ્રોતના નભમાં અઢળક તેજસ્વી તારલાઓ ઝળહળે છે. જેમ નાવિકને ધ્રુવ તારો દિશા દર્શાવે છે અને દીવાદાંડી નૌકાને અથડાતા બચાવે છે તેમ સુશિક્ષિત સભ્યો સમાજને સુસંસ્કૃત અને પગભર બનાવી પ્રકાશિત અને પ્રશસ્ત કરે છે. શ્રી પાટણ જૈન મંડળ સેવા, સાધના, સહકાર અને સહાયની અનેકવિધ પ્રવૃત્તિઓ અવિરત ચલાવી રહેલ છે. ખાસ કરીને શિક્ષણ અને દવા રાહત અંગેની સહાય માટેની વણઝાર વણથંભી છે.

૩૧ માર્ચ ૨૦૧૧ના રોજ પૂરા થયેલ વર્ષ દરમ્યાન મંડળે ચાર મુખ્ય યોજનામાં નીચે મુજબ સહાય આપેલ છે જે આપની જાણ ખાતર!

| | |
|---|---|
| (૧) શિક્ષણ સહાય માટે | રૂા. ૧૨,૨૯,૬૨૮/- |
| (૨) પોસ્ટ ગ્રેજ્યુએટ સહાય માટે | રૂા. ૧૦,૬૮,૭૯૦/- |
| (૩) ટ્યૂટોરીયલ કલાસ ટ્યૂશન ફી | રૂા. ૧૦,૬૪,૬૪૫/- |
| (૪) દવા સહાય માટે (મેડિસીન વિતરણ) | રૂા. ૧૧,૧૩,૬૦૦/- |

બદલાતા સમય અને સંજોગો અનુસાર ઉપર્યુક્ત દરેક યોજનામાં રૂપિયા એક કરોડથી પણ વધુનું (કોરપસ) નિધિ વધારવાની તાતી જરૂર છે. તે માટે રૂા. ૨૫ લાખનું દાન આપનારને નવા પ્રેરકદાતા અને રૂા. ૧૫ લાખનું દાન આપનારને સહયોગી દાતા તરીકે સ્વીકારવાનું નક્કી કરેલ છે. હાલના પ્રેરકદાતાઓના નામ કોઈપણ ફેરફાર વગર પ્રથમ ક્રમે પ્રકાશિત કરવામાં આવશે.

### શતાબ્દી ઉજવણીની પગથારે

સેવા, સાધના અને સહયોગ થકી આપણી સંસ્થા શ્રી પાટણ જૈન મંડળ શતાબ્દી વર્ષને ઉંબરે આવી ઊભી છે. સામાજિક સંસ્થાઓના ઈતિહાસમાં આપણી શતાબ્દી ઉજવણી ઉદાહરણરૂપ બને તે જોવાની આપણા સૌની ફરજ છે. અસહ્ય મોંઘવારી છતાં સંસ્થાને વધુ સક્ષમ બનાવવા તથા સંસ્થાની ઝળહળતી સિદ્ધિઓની મહેક વધુ પ્રસરાવવા પરિણામલક્ષી આયોજનો ગોઠવવા આપણે પ્રતિબદ્ધ છીએ. તા. ૩૦-૫-૨૦૧૧ના રોજ મળેલ વ્યવસ્થાપક સમિતિની સભામાં મોંઘવારીને કારણે થયેલ સતત ભાવ વધારાને પરિણામે શતાબ્દીની સામાન્ય ઉજવણી અર્થે **રૂા. એક કરોડના ખર્ચનું બજેટ બનાવવું પડ્યું છે.** અને તેની આવકના સ્રોત વિશે નીચે

વિચારણા કરેલ છે, જે આપની જાણ ખાતર!

| | |
|---|---|
| પ્રોગ્રામ | રૂા.૨૫ લાખ |
| ટ્રેડ ફેર અને ટ્રેડ ડિરેક્ટરી | રૂા.૧૫ લાખ |
| પબ્લિસીટી અને જનસંપર્ક (PR) | રૂા.૧૫ લાખ |
| સ્મૃતિગ્રંથ | રૂા.૧૦ લાખ |
| સ્મૃતિચિહ્ન | રૂા.૧૦ લાખ |
| વસતીપત્રક | રૂા.૧૦ લાખ |
| પ્રોગ્રામ (પાટણ) | રૂા. ૫ લાખ |
| અન્ય ખર્ચ | રૂા.૧૦ લાખ |
| **કુલ** | **રૂા. ૧ કરોડ** |

**સ્પોન્સર્સ:**

| | |
|---|---|
| ૧ મુખ્ય દાતા | રૂા. ૨૫ લાખ |
| ૨ દાતા x ૧૦ લાખ | રૂા. ૨૦ લાખ |
| ૩ દાતા x ૦૩ લાખ | રૂા. ૯ લાખ |
| ૫ દાતા x ૦૨ લાખ | રૂા. ૧૦ લાખ |
| ૨૧ દાતા x ૦૧ લાખ | રૂા. ૨૧ લાખ |
| **કુલ** | **રૂા. ૧ કરોડ** |

પ્રાપ્ત થયેલ ભંડોળ પ્રમાણે જ શતાબ્દી ઉજવણી કરાશે. ભંડોળ ઓછું એકત્રીત થશે તો ઉજવણીમાં કાપ મૂકાશે. મંડળનું અન્ય ફંડ આ ઉજવણી માટે ન વપરાય તેની ખાસ તકેદારી રાખવામાં આવશે.

**વિવિધ સહાય સ્રોત**

જીવનમાં જ્યાં સૌન્દર્ય છે, માનવતા છે, સુસંવાદ છે, પ્રેમ અને ઉલ્લાસ છે ત્યાં સદૈવ જીવન મંગલકારી બને છે. આપ મહાનુભાવોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે, **શ્રી પાટણ જૈન મંડળ**ની અનેકવિધ પારદર્શક પ્રવૃત્તિથી પ્રેરાઈ જિંદગીની કથા અને વ્યથાને જીરવી માનવતાના મસીહા બની, **શૂન્યમાંથી સર્જન કરનાર** આજથી લગભગ ૨૫ વર્ષ પહેલા વર્ષ ૧૯૮૭માં ૬૨ વર્ષની વયે પક્ષઘાતના હુમલામાંથી મૃત્યુને શીકસ્ત આપી આજે સમાજના જરૂરીયાતમંદ સભ્યોને સહાયભૂત થવાની તત્પરતા દાખવી ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડનાર **શ્રી હરસુખલાલ બાપુલાલ શાહ તથા શ્રીમતી રસિલાબેન હરસુખલાલ શાહ ડેન્ટલ ટ્રીટમેન્ટ મેડીકલ રીલીફ ફંડ અંતર્ગત શ્રી હરસુખલાલ બાપુલાલ શાહ પરિવાર તરફથી સંસ્થાને રૂા. ૨૫ લાખનું દાન પ્રાપ્ત થયેલ છે.** સંસ્થા તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

ભવભવની ભ્રમણાનું અને સંસારની રમણાનું મૂળ કારણ અજ્ઞાન છે. પ્રકાશની તલાશ માટે અંધારામાં અટવાનાર ક્યારેય પ્રકાશને પામી શકતા નથી. તેમની દશા દિશાવિહોણી બની જાય છે. સર્વશ્રી હરસુખલાલ બાપુલાલ શાહ તથા તેમના સત્ત્વશીલ વિચારધારક વિવેકી અને સંયમી **સુપુત્રો શ્રી નિર્મળભાઈ, શ્રી અનિલભાઈ, શ્રી જયેશભાઈ તથા શ્રી શિરીષભાઈએ** સમાજની દીવાદાંડી બની સહાય, સેવા અને સાધનાનો પ્રકાશ પ્રદિપ્ત કર્યો છે. સંસ્થા પ્રત્યેની ઋજુતા અને ઋણાનુબંધને લક્ષમાં રાખી ઉક્ત સખાવતમાં પિતાશ્રી સાથે સહમત થવા બદલ સંસ્થા તેઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે.

ઝવેરીવાડાના **શ્રી ભૂપેન્દ્રભાઈ સનાલાલ શાહે** તેમના ધર્મપત્નીની ૬૦ મી વર્ષગાંઠની ખુશાલીમાં મંડળના સિનિયર સિટીઝન કોરપસ ફંડ ખાતે રૂા. ૧,૦૦,૦૦૦/- ની ઉદાર ભેટ સમર્પિત કરી ધન્યતા અનુભવેલ છે. તેમજ ખેતરપાળના પાડાના **શ્રીમતી વસુમતીબેન ફકીરચંદ શાહ** તરફથી સ્વૈચ્છિક રીતે મંડળના વૃદ્ધજન સહાય ભેટ ખાતે રૂા. ૫૦,૦૦૦/- ની રકમ મોકલાવી આપી સંસ્થા પ્રત્યે સદ્ભાવ વ્યક્ત કરેલ છે, તે બદલ તેઓ પ્રત્યે આદર સાથે આભાર વ્યક્ત કરીએ છીએ.

અંતમાં ઝુકાવો, ઝંપલાવો, જંપ વાળીને બેસો નહીં. વિઘ્નો અને અવરોધ કે પરિબળોને હડસેલો, સિદ્ધિ પરિશ્રમ વગર પાંગરતી નથી.

આભાર...!

**પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ**

# THE ROPE

The Story tells about a mountain climber who wanted to climb the highest mountain. He begun his adventure after years of preparation, but since he wanted the glory just for himself, he decided to climb the mountain all alone.

The night went heavy in the heights of the mountain and the man could not see anything. All was black with Zero visibility, and the moon and the stars were covered by the Clouds.

As he was climbing and only a few feet away from the top of the mountain, he slipped and fell into the air, falling at a great speed. The climber could only see black spots as he went down, and felt the terrible sensation of being sucked by gravity. He kept falling and in those moments of great fear it came to his mind all the good and bad episodes of life.

He was thinking now about how close death was getting , when all of a sudden he felt the rope tied to his waist pulled him very hard. His body was hanging in the air. Only the rope was holding him, and in that moment of stillness he had no other choice but to scream: `HELP ME GOD'

All of a sudden, a deep voice from the sky answered: `What do you want me to do?' Save me God.' `Do you really think I can save you?' `Of Course I belive you can?' He answered. `Then cut the rope tied to your waist"

There was a moment of silence, and the man decided to hold on to the rope with all his strength.

The rescue team tells that the next day a climber was found dead and frozen, his body hanging from a rope, his hands holding tight to it. ONLY 10 FEET AWAY FROM THE GROUND.

Now let's think as to how attached are we to the rope. Don't ever doubt the words from god. You never should say that he has forgotten or abandoned you. Don't just even think that he is not taking care of you. Remember that he is always holding you with his right hand.

## સંપાદકીય...

# શ્રદ્ધા-સદ્‌ગુણનો દીવો પ્રગટાવો

વિશ્વના અનેક દેશોના અગ્રણીઓ, ટોચના ધનાઢ્યો વિગેરે સર્વશ્રેષ્ઠ સફળતાના શિખરે પહોંચ્યા છે. આવા સફળ, સાહસિક અને ધનાઢ્ય ઉદ્યોગપતિઓમાં શ્રી રતન તાતા અને અમેરિકાના બિલ ગેટ્સનું નામ ખૂબ જાણીતું છે. તેઓ આજે પણ મોખરાને સ્થાને છે. પત્રકારો દ્વારા જ્યારે આ બંને મહાનુભાવોનો ઈન્ટરવ્યુ લેવામાં આવ્યો ત્યારે બંનેને સમાન એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કેઃ 'તમારી સર્વશ્રેષ્ઠ સફળતાનું રહસ્ય શું છે?'

આશ્ચર્યની વાત એ છે કે બિલ ગેટ્સે અમેરિકામાં રહીને જવાબ આપ્યો અને રતન તાતાએ ભારતમાં રહીને જવાબ આપ્યો છતાં બંનેના જવાબ પણ એકસરખાં, એક સમાન હતા. તેઓએ નિખાલસપણે એકરાર કર્યો કેઃ ૧. ભગવાનમાં અતૂટ શ્રદ્ધા, ૨. કોઈપણ નવું કાર્ય કરવાનો વિચાર કરીએ ત્યારે તેનાથી થતા લાભાલાભ વિશે સંપૂર્ણ માહિતગાર બની જ્યાં સુધી તે કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી તેની પાછળ જ તમામ શક્તિઓ સાથે સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવું, ૩. આ કામમાંથી જે કાંઈ કમાણી પ્રાપ્ત થાય છે તે સમાજમાંથી જ પ્રાપ્ત થાય છે તેથી કમાણીનો અમુક ભાગ સમાજમાં લોકોપયોગી કામ કરવા માટે વાપરવો. આ ત્રણ કારણોથી તેઓ સફળતાને વર્યા છે. આ પરથી જરૂર એમ માની શકાય કે જીવનમાં અતિ સફળ મહાનુભાવો પણ સૌ પ્રથમ ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવે છે. તેમનું જીવન પ્રાતઃસમયે ઈશ્વરને યાદ કરી, પ્રાર્થના દ્વારા તેમનો આભાર માનીને જ શરૂ થાય છે. આ રીતે કોઈક દિવ્ય શક્તિ સાથેનું તેમનું અનુસંધાન સતત ચાલુ જ રહે છે જે તેમને ઊર્જા પૂરી પાડે છે. સાથે સાથે પુરુષાર્થ કરવાની તકો આપે છે. જેનું પરિણામ સફળતામાં આવે છે. માનવી માત્રમાં રહેલી ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને ભીતરમાં રહેલા ઉચ્ચ સંસ્કારો, સદ્‌ગુણો તેમને યશસ્વી બનાવે છે.

પરંતુ એવા પણ ઘણાં માનવીઓ છે જે અહંકારથી જ રહે છે. તેઓને ઈશ્વરમાં શ્રદ્ધા નથી. પોતાની જાતને જ શ્રેષ્ઠ માને છે. ઈશ્વરનું અસ્તિત્વ સ્વીકારવા પણ તૈયાર નથી, પણ ક્યારેક આવા નાસ્તિક લોકોની જીંદગીમાં એવા કોઈક પ્રસંગ ઊભા થઈ જાય છે ત્યારે વામણા બનીને મંદિરમાં જઈ ઈશ્વર સાથે પોતાનું ધાર્યું કામ પાર પડાવવા માટે સોદો કરતાં પણ અચકાતા નથી. સાદી ભાષામાં એમ કહેવાય છે કેઃ 'ભગવાન પાસે માનતા માનવી.' અને ધાર્યું પરિણામ મેળવવું. આવા માણસોમાં શિષ્ટાચારનો અભાવ છે. તેમનામાં સદ્‌ગુણોની ખામી છે. ભગવાન સાથે સોદો કરવો એ અવિવેક છે. સમાજમાં બીજાં લોકો સાથે કેમ વર્તવું તે આવડતું નથી એમ મંદિરમાં જઈને ભગવાન સાથે કેમ વર્તન કરવું તે પણ ખબર પડતી નથી. આના કારણે જ તેઓ સફળતાથી દૂર રહે છે.

એક ભક્ત રોજ મંદિરમાં પૂજાની વિવિધ સામગ્રીઓ લઈને જતો, અડધો કલાક સુધી તે પૂજા-અર્ચના કરી બહાર આવતો. મંદિરની બહાર એક ફૂલવાળો બેસતો. તેની પાસેથી આ ભક્ત રોજ ફૂલની માળા લેતો. આ ભક્તની નિયમિતતા જોઈ ફૂલવાળો તેનાથી બહુ પ્રભાવિત થયો. એકવાર તેણે ભક્તની પ્રશંસા કરતાં કહ્યું કે, 'વાહ! શું તમારી ભક્તિ છે. ટાઢ હોય કે તડકો હોય કે વરસાદ પણ તમે મંદિરમાં આવવાનું છોડતાં નથી. તમારી ભક્તિથી ભગવાન તમને રોજ કેટલા બધા આશિર્વાદ આપતો હશે? ત્યારે ભકતે જવાબ આપ્યો કેઃ 'ના, ભાઈ, ના! આમ તો હું ભગવાનને માનતો જ નથી પણ મારી ભક્તિનું એક ખાસ કારણ છે. મારો એક કેસ છેલ્લા એક વર્ષથી કોર્ટમાં ચાલે છે. જ્યાં સુધી એ કેસ હું જીતી ન લઉં ત્યાં સુધી મારે ભક્તિ કરવાની છે. બસ હવે ગણત્રીના દિવસોમાં જ લાગે છે કે ભગવાને મારી પ્રાર્થના સાંભળી છે. હું કેસ જીતી જઈશ. પછી હું છૂટો ને ભગવાન પણ છૂટા. આ બધું કરવું મારા માટે બહુ અઘરું છે પણ માનતા માનેલી એટલે આવવું પડે છે.'

ફૂલવાળાને વધારે જાણવાની ઈંતેજારી થઈ કે કેસ શેના માટેનો હતો? ભક્તે કહ્યું કે, 'ગામમાં મારા ઘરની બાજુમાં પાડોશીની ખાલી જમીન હતી. પાડોશી તો બીજા કોઈ ગામે જતો રહ્યો છે. વર્ષોના વહાણાં વીતી ગયા તો પણ પાછો આવ્યો નહીં, તેથી તે જમીન પર મેં કબજો કરી લીધો છે. મારા નામે કોર્ટમાં કાગળ-દસ્તાવેજો બનાવી લીધા છે. હવે અચાનક વર્ષ પહેલાં જ પાડોશી પાછો આવ્યો છે. તેને ખબર પડી છે કે એની જમીન પર મેં હક કરી લીધો છે. તેથી તેણે કોર્ટમાં મારી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી કેસ કર્યો છે. પણ ખુશીની વાત એ છે કે તેની પાસે કોઈ પુરાવા નથી. ને મારી પાસે લેખિતમાં બધાં જ પુરાવા છે. તેથી મને ખાત્રી છે કે આ કેસ હું જીતી જઈશ. ભગવાને મારી માનતા પૂરી કરી છે. મેં તેમને બહુ ભેટ-સોગાદો આપીને રાજી કર્યા છે.'

ફૂલવાળો આ જવાબ સાંભળીને દુઃખી થઈ ગયો. ભક્ત તરફ તેના મનમાં નારાજગી ઊભી થઈ. તે બોલ્યો, આ વાત તમારી ખોટી છે. ભગવાન ક્યારેય પણ જૂઠા માણસોને સાથ આપતો જ નથી. તમે પાડોશીને જ નહિ પણ ભગવાનને છેતર્યા છે. વિશ્વાસઘાત કર્યો છે. ભગવાનને તમારી ભેટ-સોગાદો કે પૂજા-અર્ચનાની જરૂર પણ નથી. એનાથી તે રાજી નથી થતો. આ તારી મૂર્ખતા છે. તારી સન્મતિ ખોવાઈ ગઈ છે. ભગવાન સાથે કયારેય પણ સોદો ન કરાય. આમ કરવાથી ઈશ્વરની અનુભૂતિ પ્રાપ્ત થતી નથી. મંદિરમાં જઈને દીવો કરનારે બાહ્ય દ્રવ્યનો દીવો કરતાં પહેલાં શ્રદ્ધાનો દીવો પ્રગટાવવો પડે. અગરબત્તી કરતાં પહેલાં, ફૂલની માળા ચડાવતા પહેલાં પોતાના સંસ્કારની સુવાસ ફેલાવવી પડે. તેં ભગવાન સાથે હૃદયપૂર્વક કોઈ કનેક્શન કર્યું જ નથી. માત્ર તારાં અંગત સુખ અને સ્વાર્થની કામના કરી છે. બીજાને રડાવવાની વાત છે. તેથી જ્યાં સુધી તારા હૃદયમાંથી સદ્‌ગુણનો અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાનો દીવો નહિ પ્રગટે ત્યાં સુધી તારી વિનંતી ભગવાન પણ નહિ સાંભળે. અને સફળતા તો તને નહિ જ મળે.'

જીવનના નિર્માણ માટે, સ્વ વિકાસ કરતાં કરતાં સર્વવિકાસની દિશા તરફ સફળતાના રાજમાર્ગ પર સદ્‌ગુણોના પુષ્પ અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાનો દીપક સાથે હોય તો મંઝીલ આપણી જ છે.

*'જીવન તમારું એક મંદિર,*
*એને બનાવો તમે સુંદર;*
*જરા જુઓ તમે સ્થિર થઈ અંદર,*
*સદ્‌ગુણનાં મોતીથી ભરેલો સમંદર.'*

☐ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**
☐ **શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ** (ગુંદરવાલા)
માનદમંત્રીઓ, સંપાદક સમિતિ

# શ્રી જોગીવાડા શામળાજી પાર્શ્વનાથજી જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ

જોગી વાડો, પાટણ (ઉ. ગુ.) ટે. નં. ૦૨૭૬૬-૨૨૨૭૨૪

**અણહીલપૂર પાટણ મધ્યે નવ નિર્મિત શિખરબદ્ધ જિન પ્રસાદે ભૂગર્ભમાંથી પ્રગટ થયેલા છ પ્રાચીન જિનબિંબોનો પ્રવેશ તેમજ ત્રણ મંગળમૂર્તિઓની અને પરિકરની પ્રતિષ્ઠાનો મહાલાભ**

આજથી સાત વર્ષ પૂર્વે પાટણ શહેર વિસ્તારમાં આવેલ સિદ્ધનાથ સોસાયટીના પ્લોટ નં. ૫૫ના ખોદકામ દરમ્યાન સમ્પ્રતિ મહારાજના સમયની ૩૬ પ્રતિમાજીઓ મળી હતી જે આજે શ્રી જોગીવાડા શામળાજી પાર્શ્વનાથ જૈન દેરાસરના પરિસરમાં માતુશ્રી સોમીબેન બાલુભાઈ કરમચંદ શાહની પૌષધશાળા/આરાધના ભવનમાં બિરાજમાન છે. તે પૈકી ૬ પ્રતિમાજીઓ મૂળનાયક શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનના મુખ્ય ગભારામાં ડાબી અને જમણી બાજુમાં પ્રતિષ્ઠીત કરવાની છે.

આ જિનબિંબોનો નૂતન જિનાલયમાં મંગલ પ્રવેશ તથા પ્રતિષ્ઠા કરવાનો મહાન લાભ શ્રી સંઘ મેળવી શકે એ માટે તથા ત્રણ મંગળમૂર્તિઓ અને મૂળનાયક ભગવાનના પરિસરની પ્રતિષ્ઠા માટે ઉછામણી-અવસર યોજવામાં આવશે જે અંગેની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. પ્રતિષ્ઠા અંદાજે આવતા મહા મહિને કરાવવા માટે પૂજ્યશ્રીને વિનંતી કરી છે; જે નક્કી થયે જાહેર કરવામાં આવશે.

સકલ શ્રીસંઘને આ અવસરે પધારી ઉપરોક્ત લાભો ઉપરાંત પ્રતિષ્ઠા મહોત્સવ અંગેના વિવિધ અનુષ્ઠાનો, સાધર્મિક ભક્તિ, મહોત્સવ આધાર સ્તંભ આદિ વિવિધ લાભો મેળવવા ભાવભર્યું આમંત્રણ શ્રી જોગીવાડા શામળાજી પાર્શ્વનાથજી જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ પાઠવે છે.

તદ્ઉપરાંત ગઈ સાલ જીવદયા-અનુકંપાનો પશુઓનો કેમ્પ કર્યો હતો, જેમાં અબોલ પશુઓના જરૂરિયાત મુજબના ઓપરેશનો તેમજ દવાઓ નિઃશુલ્ક આપવામાં આવી હતી. અંદાજે ૧૦૦૦ થી પણ વધુ અબોલ જીવોને સારવાર આપવામાં આવી હતી. બીજો નિઃશુલ્ક કેમ્પ તા. ૨-૧૦-૨૦૧૧ના રોજ પાટણ મુકામે રાખવામાં આવ્યો છે.

પોષ દશમીના અઠ્ઠમ તપની આરાધના તેમજ પ્રભુ ભક્તિ મહોત્સવ અને મહાપૂજનનું આયોજન ગઈ સાલ કરવામાં આવ્યું હતું જેમાં પાટણના સ્થાનિક ભાઈ-બહેનો તેમજ આરાધકો મળીને કુલ્લે ૫૧૬ અઠ્ઠમ તપની આરાધના ખૂબ જ ઉલ્લાસપૂર્વક થઈ હતી. જેનો લાભ ૧૬ લાભાર્થી પરિવારે લીધો હતો. આજ પ્રમાણેનો અઠ્ઠમ તપની આરાધના અને પ્રભુભક્તિનો મહોત્સવ તેમજ મહાપૂજનનું આયોજન આ વર્ષે માગસર વદ તા. ૯-૧૦-૧૧, તા. ૧૯-૨૦-૨૧ ડિસેમ્બર-૨૦૧૧ ના રોજ કરવામાં આવ્યું છે. આ આયોજનના ખર્ચ માટે વધુમાં વધુ લાભાર્થીઓને લાભ મળે એવી અમારી અપેક્ષા છે. સ્વેચ્છાએ આ યોજનામાં લાભ લેવા માટે સંપર્ક સાધવા વિનંતી છે.

એ જ લિ.

**શ્રી જોગીવાડા શામળાજી પાર્શ્વનાથજી જૈન શ્વે. દેરાસર ટ્રસ્ટ વતી**

**ભરતભાઈ બાલુભાઈ શાહ** (મો) ૯૮૧૯૦૩૩૫૯૯

**મહાસુખલાલ (બચુભાઈ) પોપટલાલ શાહ** (મો.) ૯૩૨૨૨૨૮૦૪૬

**દીપકભાઈ રેવંતીલાલ શાહ** (મો.) ૯૮૨૦૫૨૨૯૩૬

**અમિતભાઈ સેવંતીલાલ શાહ** (મો.) ૯૮૨૦૦૪૮૯૯૨

## પરમાધામીનો પત્ર...

☐ શ્રીમતી ઉર્મિલાબેન ધીરેનભાઈ ઝવેરી

**મારા વ્હાલા માનવ મિત્રો,**

સુખ તો સહુને પસંદ છે, પણ શાશ્વત સુખના ભોક્તા બનો તેવી શુભેચ્છા સાથે જણાવું છું કે આપણા અધમકૃત્યો જ આપણને દુઃખની ખાઈમાં લઈ જાય છે અને કર્મરાજા તે પ્રમાણે શિક્ષા કરે છે. ત્યાં કોઈની લાંચરૂશ્વત, લાગવગ કે ખુશાલી કામ કરતી નથી. બધા પાસે માનવી ધાર્યું કરાવી શકે-ધાક, ધમકી કે ધનથી. પણ કુદરત, કાળ અને કર્મરાજા પાસે તે પાંગળો ને ભીરૂ બની જાય છે.

મિત્રો, એટલે જ તમને સલાહ આપું છું કે તમે પાપ ભીરૂ બનો. પાપના ડરથી પીછેહઠ કરશો તો નરકના દ્વારમાં પ્રવેશ નહિ કરવો પડે. અમે કેવા પાપ કર્યા છે કે કર્મરાજાએ અમને પરમાધામી દેવ બનાવ્યા. જેલમાં ગયેલા કેદીને જેમ પોલીસ શિક્ષા-ત્રાસ આપે, અમારે પણ દુઃભાતા હૈયે ફરજ બજાવવી જ પડે છે. કુંભીમાંથી જન્મ થાય ત્યારથી આયુષ્ય પૂરું ન થાય ત્યાં સુધી મરણાંત સુધી પાપી જીવોને પાપની શિક્ષા પ્રમાણે સાતેય નારકીમાં જીવલેણ સજા કરતાં અમારું હૈયું કંપે છે અને ડંખે છે. પણ ફરજ આગળ અમે આ બધું સ્વીકારીએ છીએ.

મિત્રો, તમે અઢાર પાપસ્થાનક સેવો નહિ, રાત્રિ ભોજનનો ત્યાગ કરો, પરદારા લંપટ ન બનો, હિંસા, જૂઠ, માયા, પ્રપંચ વગેરેથી દૂર રહો. દેવ-ગુરુ, ધર્મની નિંદા ન કરો. ક્રોધને તિલાંજલી આપો. ક્રોધ એ તો નરકાધામીનો ખાસ મિત્ર છે. ક્ષણિક સુખ ખાતર ચોરી, લૂંટફાટ કરી માનવજીવનને કલંકમય ન બનાવો. લોભને દેશવટો આપજો. લોભ એ તો પાપનો બાપ કહેવાય છે. રાગ, દ્વેષ, મોહ એ તો નરક ભણી લઈ જાય છે. માટે મારા વ્હાલા સમજુ મિત્રો, તે દોષોથી દૂર રહેજો. આથી નરકની અપાર વેદના વેઠવી નહિ પડે. મિથ્યાત્વશલ્ય એ સહુ દુઃખોના પાપોનો સરદાર છે, માટે નિષ્પાપી બનવા પ્રભુનું શરણું, ધર્મનું શરણું જ સાચું શરણું છે. મારી મનોવ્યથા મિત્રો તમને મેં આજે ખુલ્લા દિલે, કચવાતા મને કરી. નરકમાં તો કેવળ દુઃખ જ દુઃખ છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન જ વધુ છે. માટે તેવા ધ્યાનથી દૂર થવાનો એક જ ઉપાય છે. અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મનું શરણું.

માટે ઓ ભવિ જીવો, તમે પાપની કેડી છોડી પુણ્યનો પંથ પકડો, સુખી થાઓ અને શાશ્વત સુખના ભોકતા બનો એ જ હાર્દિક અભ્યર્થના.

નરકમાંથી લી.

તમારા આત્માની ચિંતા કરતો

**પરમાધામી દેવ**

## એક વિરલ વ્યક્તિત્વને...

**ના! તમે વ્યક્તિ નહીં, વ્યક્તિ વિશેષ છો,**
**મનુભાઈ!** મનમોહના માર્ગેશ છો;
દ્વિધામાં દશે દિશાના દરવેશ છો,
સમર્થ, સન્નિષ્ઠ, ભેરૂ ને ભાવેશ છો.
સુવર્ણ જયંતિ! સંસ્થાના ભદ્રેશ છો,
સૌના હૈયે વસેલા તમે મહેશ છો;
શુભેચ્છા સ્વીકારો અમારી, સર્વેશ છો,
**ના! તમે વ્યક્તિ નહીં, વ્યક્તિ વિશેષ છો.**

૧૯૪૨ ની ૨૯ મી માર્ચે જન્મેલ **શ્રી મનુભાઈ ઉમાકાંત જોષીએ** જિંદગીના ૭૦ વર્ષ માન અને સન્માનપૂર્વક પરિપૂર્ણ કર્યા છે. તા. ૧૩ મી જૂન ૧૯૬૧થી સંસ્થા સાથે સતત સંકળાયેલ સર્વેના ચાહિતા, જાણીતા અને માનીતા **મંડળના મેનેજર શ્રી જોષીભાઈએ** સેવાના સમૃદ્ધ ૫૦ વર્ષ પૂરા કર્યા છે. કાર્યાલયના સફળ સુકાની અને અનુભવની એરણ પર ઘડાયેલા સંસ્થાના ગતિ અને પ્રગતિના ઈતિહાસના તેઓ સાક્ષી રહ્યા છે. યોગાનુયોગ ડિસેમ્બર ૨૦૧૨માં સંસ્થા તેના શતાબ્દી વર્ષમાં પ્રવેશ કરશે. પોતાનામાં જ એક મહાવિદ્યાલયસમા **શ્રી જોષીભાઈને** અદ્ભુત અને અનન્ય યોગદાન માટે **શ્રી પાટણ જૈન મંડળ** સૌષ્ઠવપૂર્ણ દીર્ઘાયુ માટે હાર્દિક શુભેચ્છા અને અભિનંદન પાઠવે છે!

☐ **શ્રી પાટણ જૈન મંડળ**

## ટહુકો

રંગ બદલતી જિંદગીના રૂપ ઝાઝેરા જોયા છે
તોફાની દરિયાના વમળમાં ચકરાવે પણ ચઢ્યા છે;
નિરવ અમારા હાસ્યમાં બેશુમાર ગમો વસ્યા છે,
તમે શું જાણો હૈયે કઠોરાઘાત કેટલાં સહ્યાં છે!

સતત વણઝાર યાતનાની છતાં અમે હસ્યા છે,
વ્યર્થ બળાપો શાને? સ્વજન તો અમે પણ ખોયા છે;
મૃગજળમાં મુઠ્ઠી ઉંચેરા સ્વપ્નો લઈને જીવ્યા છે.
અણિયાળા કાંટાઓ વચ્ચે પુષ્પ થઈને મહેક્યા છે!

જિંદગીના સુખ સર્વે સદૈવ ક્યાં કોઈને મળ્યા છે,
જીવવાની જીજીવિષા થકી આંસુ સૌના છલક્યા છે;
ઘનઘોર ઘટામાં વાદળો થઈ અમે વરસ્યા છે,
મરકતા મોરલાની જેમ, કાવ્યો બની ટહુક્યા છે!

☐ **મ. ને.**

## • શતાબ્દીલોગો માટે હાર્દિક આમંત્રણ •

આપ મહાનુભાવોને વિદિત છે કે બહુરત્ના વસુંધરા એવી આપણી માતૃસંસ્થા શ્રી પાટણ જૈન મંડળ ડિસેમ્બર ૨૦૧૧ માં શતાબ્દી વર્ષમાં પ્રવેશે છે. આ શુભ અવસર માટે યોગ્ય લોગોની ડીઝાઈન (એક રંગ તથા ચાર રંગમાં) આવકાર્ય છે. આપ કમર્શીયલ આર્ટિસ્ટ છો? સંસ્થા પાસે આવેલ લોગોની ડીઝાઈનમાંથી પસંદ કરાયેલ લોગોના કલાકારને રૂા. ૫,૦૦૦નું પારિતોષિક આપવામાં આવશે. તા. ૩૧-૭-૨૦૧૧ સુધી કોઈપણ સભ્ય લોગોની ડીઝાઈન મોકલાવી શકે છે.

☐ **શ્રી પાટણ જૈન મંડળ**

## સમાજ વિકાસ ફંડ (ક્રમશઃ)

**શુભેચ્છકદાતા**

- **શ્રી મહેશભાઈ પોપટલાલ શાહ, ખેતરવસી**
- **શ્રીમતી વિમળાબેન ભોગીલાલ શાહ, જાફુજીવાળા (તંબોલીવાડો)**
- **શ્રી ક્ષિતિભાઈ ભાવેશભાઈ દેવેન્દ્રભાઈ શાહ,**
  **હસ્તે : શ્રી દેવેન્દ્રભાઈ ભોગીલાલ શાહ, જાફુજીવાળા (તંબોલીવાડો)**

**સમાજ વિકાસ ફંડમાં વાર્ષિક રકમ આવકાર્ય છે**

| | |
|---|---|
| મુખ્ય દાતા | રૂા. ૩ લાખથી વધુ |
| આધારસ્તંભદાતા | રૂા. ૩ લાખથી ૧ લાખ |
| સહાયકદાતા | રૂા. ૧ લાખથી ૨૫ હજાર |
| શુભેચ્છકદાતા | રૂા. ૨૫ હજારથી ઓછી |

## પાટણ પાંજરાપોળ સંચાલિત : શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુઆશ્રય સંકુલ-ખલીપુર

તા. ૧-૪-૨૦૧૧ થી તા. ૩૧-૫-૨૦૧૧ સુધી મળેલ ભેટની વિગત

| | આધારસ્થંભ | નિભાવ ફંડ | લાપસી તિથિ | | આધારસ્થંભ | નિભાવ ફંડ | લાપસી તિથિ |
|---|---|---|---|---|---|---|---|
| શ્રી વિમલેશ નવીનભાઈ શાહ | ૨૧,૦૦૦ | — | — | મે. હેમંત ટુલ્સ પ્રા. લિ. | ૨૧,૦૦૦ | — | — |
| શ્રી ધર્મેન્દ્ર ચીમનલાલ શાહ | ૨૧,૦૦૦ | — | — | શ્રીમતી રેણુકા રજનીકાંત શાહ | — | ૫૧,૦૦૦ | — |
| શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ | ૨૧,૦૦૦ | ૫૧,૦૦૦ | ૩૧,૦૦૦ | માટુંગા વાસુપૂજ્ય જૈન મંદિર | — | ૫૧,૦૦૦ | — |
| શ્રીમતી શારદાબેન બી. શાહ | ૨૧,૦૦૦ | — | — | શ્રી આશિષભાઈ મલહોત્રા | ૩૦,૪૦૦ | — | — |

**માર્ચ ૨૦૧૧ ક્ષતિસુધાર : શ્રીમતી પ્રવીણાબેન પ્રદીપકુમાર શાહ કાયમી ચબુતરા ફંડ રૂા. ૫,૦૪,૦૦૦ ● આજીવન ચણ ફંડ રૂા. ૭,૨૦,૦૦૦ વાંચવું.**

**પાંજરાપોળની વિવિધ સહાય યોજના**

| | | | |
|---|---|---|---|
| પશુ માટે શેડ | રૂા. ૧,૦૦,૦૦૦ | પશુઓને એક દિવસ લાપસી અને ઘાસચારો | રૂા. ૨૧,૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧,૦૦૦ | પશુઓને એક દિવસ ઘાસચારો | રૂા. ૧૫,૦૦૦ |
| પશુઓને લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧,૦૦૦ | પશુઓને માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧,૦૦૦ |
| આધાર સ્તંભ | રૂા. ૨૧,૦૦૦ | કાયમી ઘાસની તિથિ | રૂા. ૫,૦૦૦ |
| | | પક્ષીઓને કાયમી ચણતિથિ | રૂા. ૨,૦૦૦ |
| લાભાર્થીઓના નામ આરસની તકતીમાં લખવામાં આવશે. | | લાભાર્થીઓના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે. | |

**આયકર કાયદા ૮૦ (જી) અન્વયે દાનની રકમ મજરે મળે છે. ● સૌજન્ય : મે. સી. વાડીલાલ એન્ડ કું., મુંબઈ-૪૦૦ ૦૦૩. ટે. નં. ૨૩૪૨૯૦૧૨-૧૩**

# વર્ષાનું આગમન

ગ્રીષ્મ તણા બળબળતા તાપે,
મુરઝાઈ ગઈ અવની,
કાળઝાળ ગરમીએ ઉતાર્યા વાઘા તરૂવરોના,
બન્યા તરૂવરો બેસહારા બેજાન સમા
ચાતકે માંડી મીટ ગગન ભણી,
સર્વત્ર પડ્યો પોકાર પાણી પાણી તણો
મોરલાએ કર્યા ટહુકાર ગગન ભણી.
થનગન થઈ રહી વાદલડી સાંભળી ટહુકાર.
કરી રહી છંટકાવ ધરતી ભણી,
વાદલડીને રીઝવવા
કામણગારા મોરલાએ કરી કળા,
ઘેલી વાદલડી વરસી ગઈ.
બેજાન તરૂવરીયા આવ્યો જાન
ઝુમી રહ્યા મદમસ્ત બની,
લીલુડી ઓઢણી ઓઢી લઈ
અવનીએ કર્યા સોળે શણગાર.
છેડ્યા સૂર ઝરણાંએ પ્રેમ તણા,
કોતરોને કંદરા મહેકી ગયા.
વિરહમાં ઝૂરતી નદીએ ભરી હરણફાળ,
મલકાતી લહેરાતી સરિતા ચાલી સાગર પાસ.
મનમોહક સાગરે વિશાળ બાહુ પસાર્યા.
શરમાતી બલખાતી નવી નવેલી
સમાણી સાગર બાહુપાશ

❑ **શ્રીમતી હંસાબેન નિતીનકુમાર શાહ**

## ડૉ. કુમારી ખ્યાતી સંદિપ શાહ

શ્રી કેશરિયાજી ભગવાનની કૃપાથી સહર્ષ જણાવવાનું કે કુંભારીયા પાડાના ઝવેરી શેઠની સંદિપ મહેન્દ્ર રમણલાલ શાહના સુપુત્રી ડૉ. કુમારી ખ્યાતી તા. ૨–૬–૧૧ના દિવસથી સવારના ૯ થી ૧૨ દરમ્યાન ૧૧ મધુકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, ઉપાશ્રય લેન, શ્રીરામ સ્કૂલની બાજુમાં, જુહુ ગલી પાસે, વી. પી. રોડ, અંધેરી (વેસ્ટ) ખાતે ફિઝીયોથેરાપી અને સુઝોક થેરાપી વડે સેવા આપી રહ્યા છે.

સ્વવિકસીત આગવી શૈલીથી ન્યુરોલોજીકલ અને ઑર્થોપેડીકની ગંભીર સમસ્યાઓનો ઈલાજ FAITH Healing ને મધ્યમાં રાખીને શરૂ કરેલ છે તેમજ નાની મોટી શારીરિક વ્યથાની સમસ્યાઓ અકસીર ઈલાજથી દૂર કરવામાં આવે છે.

સમય બપોરના બે વાગ્યાથી સાંજ પાંચ સુધી. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી છે.

જા×ખ

# સુપર સન્ડે

રેવા તેના પોતાના વજન કરતાં લગભગ અડધા વજનની ભારે સ્કૂલ બૅગ ઊંચકીને જતી હતી. મેં પૂછ્યું, 'રેવા રોજ આ સમયે સ્કૂલે જવાનું ?'

'હા અંકલ, પણ આવતી કાલે રવિવારે નહીં. તમોને રવિવાર ગમે કે નહીં? મને તો બહુ જ ગમે છે કારણ રવિવારે સવારના વહેલા ઊઠવાનું નહીં. સ્કૂલ ડ્રેસ પહેરવાનો નહીં. આખો દિવસ ટીવી જોવાનું, રમવાનું અને સાંજના પપ્પા-મમ્મી સાથે બહાર જવાનું અને હૉટેલમાં નાસ્તો અને આઈસ્ક્રીમ ખાવાનો. બસ આખો દિવસ મજા જ મજા.

રેવાનો ભાઈ આરવ પણ ખુશમિજાજમાં હતો. 'અરે અંકલ આજે રવિવાર છે. કૉલેજ અને કલાસમાં છુટ્ટી છે. એટલે ક્રિકેટ રમવાનું બપોરના નિરાંતે સૂવાનું અને સાંજના મિત્રોની મહેફિલમાં બેસીને આનંદ કરવાનો છે. રવિવાર એટલે તન-મનની આઝાદીનો સુવર્ણકાળ છે.

અમીબહેનને પણ રવિવાર પોતાનો વાર લાગે છે. રવિવાર એટલે સુપર સન્ડે. નિયત સમયે છોકરાઓને સ્કૂલે મોકલવાના નથી. તેમ જ ટિફિન પણ ભરવાનું નથી. બધું જ કામ આરામથી અને શાંતિથી કરવાનું છે. બપોરના જમવામાં નવીન વાનગી બનાવવાની અને સાંજના સગાંસ્નેહી કે મિત્રો સાથે હૉટેલમાં બેસીને ગપસપ કરવાની છે. ખરેખર રવિવારે મન જાણે ચંદ્રરાજ જેવી શીતળતા અનુભવે છે.

'અરે નીલેશ તું ચિંતા ન કર, રવિવાર આખો દિવસ છે. તે દિવસે આપણે મંડળના બધાં જ કામ સાથે મળીને પાર પાડી દઈશું. બાકી ચાલુ દિવસે ઑફિસમાં રોજિંદા કામમાંથી જરાપણ ફુરસદ નથી મળતી, રવિવાર એટલે સોશિયલ કામનો વાર છે.'

દેશમાંથી આવેલાં વયોવૃદ્ધ સૂરજમલકાકા અને અમથીકાકીને પણ રવિવાર જ ગમે છે. ભાઈ રાહુલ, આ મુંબઈમાં રવિવાર જ ગમે છે, કારણ આજે જ ઘરના બધા શાંતિથી મળે છે, વાતો કરે છે. ત્યારે આનંદ અનેરો આવે છે અને મોજમાં રવિવાર જલ્દીથી પસાર થઈ જાય છે. બાકી સોમથી શનિ તો સમય પસાર થતો નથી. બધા જ પોતપોતાના કામમાં મશગુલ હોય છે. રવિવાર જ સ્વજન મિલનનું મૂર્તિમંત સ્વરૂપ છે.

નાનકડી રેવા કૉલેજિયન, આરવ, ગૃહિણી અમીબહેન, ઑફિસર નિલેશ તેમ જ વયોવૃદ્ધ સૂરજમલકાકા સર્વેને રવિવાર રસમય અને 'સુપર સન્ડે' લાગે છે. કારણ રવિવારની રજા કટુતાને પીંખી નાંખે છે અને તાજગી-આનંદ અને સંબંધોની વેલ ઉગાડે છે.

❑ **સુરેશ ચોધરી**

## મંડળના સામાન્ય સભાસદો જોગ

શ્રી પાટણ જૈન મંડળના જે સામાન્ય સભાસદોનું ત્રિવાર્ષિક લવાજમ તા. ૩૧-૦૩-૨૦૧૧ના દિને પૂરું થયેલ હોઈ, તેઓએ તા. ૧-૦૪-૨૦૧૧થી શરૂ થતા નવા વર્ષ માટેનું ત્રિવાર્ષિક લવાજમ રૂા. ૧૫૦ સમયસર ભરવું જરૂરી છે.

મંડળના મુખ્ય કાર્યાલય ઉપરાંત ગોરેગામ તથા રતનનગર અને પાટણ ખાતેના શાખા કાર્યાલયમાં પણ આપશ્રી આપના લવાજમની રકમ ભરપાઈ કરી શકો છો.

લવાજમ જે સભાસદોનું બાકી રહેવા પામેલ છે તેઓને અલગ પત્ર દ્વારા જાણ કરવામાં આવી છે.

❑ **માનદમંત્રી (એડમિનીસ્ટ્રેશન)**

# રતન નગર-બોરીવલી ચલ પ્રતિષ્ઠા મહોત્સવ

ગત મહીને વૈશાખ સુદ ૧૩ તા. ૧૫-૫-૨૦૧૧ થી વૈશાખ વદ ૫, તા. ૨૨-૫-૨૦૧૧ દરમ્યાન રતનનગર બોરીવલી ખાતે **શ્રી વાસુપૂજ્યસ્વામી નૂતન જીનાલય** ચલ પ્રતિષ્ઠા મહોત્સવ ધર્મમય માહોલમાં ખુબ જ પ્રેમ, ભક્તિભાવ સાથે ઉલ્લાસપૂર્વક ઉજવાયો હતો.

આજથી લગભગ ૨૮ વર્ષ પહેલા **શ્રી પાટણ જૈન મંડળ હાઉસીંગ પ્રોજેક્ટ** અંતર્ગત નિર્મિત પાટણવાળા પરિવાર વસાહતના એ-૨૨ નંબરના બિલ્ડીંગમાં બીજે માળે બ્લોકમાં શ્રી મહાવીર સ્વામી જીનાલય અસ્તિત્વમાં આવ્યું હતું. ઉપરના મજલે હોવાથી ધર્મપ્રેમી જનોને પડતી અગવડતાને ધ્યાનમાં લઈ શ્રીસંઘ દ્વારા આ જીનાલયની ગ્રાઉન્ડ ફ્લોરના બ્લોકમાં ચલ પ્રતિષ્ઠા કરવામાં આવી. મુળ નાયક તરીકે શ્રી વાસુપૂજ્ય સ્વામી ભગવાનને બિરાજમાન કરવાનું નક્કી થતા વૈશાખ વદ ૫ રવિવાર તા. ૨૨-૫-૨૦૧૧ના રોજ ગચ્છાધિપતી પ. પૂ. આ. ભગવંત શ્રીમદ્ વિજય જયઘોષસૂરિશ્વરજી મ.સા.ના કર કમલો દ્વારા પ્રભુજીની ચલ પ્રતિષ્ઠા થઈ આ નિમિત્તે પ. પૂ. આ. ભગવંત શ્રીમદ્ હરિકાન્ત સૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં અષ્ટાન્હિકા મહોત્સવ ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવાયો. સમસ્ત વાતાવરણમાં જૈનમ્ જયતિ શાસનમ્‌નો નાદ ગૂંજી રહ્યો હતો.

અષ્ટાન્હિકા મહોત્સવ દરમ્યાન અઢાર અભિષેક, લઘુ શાંતિ સ્નાત્ર, સહિત અનેક પૂજનો, સામૂહિક સ્નાત્ર મહોત્સવ, પ્રભુજીનો જન્મ-સ્તવન કલ્યાણક મહોત્સવ ઉપરાંત કુમારપાળ મહારાજાની આરતી, પાઠશાળાના બાળકોના ટેલેન્ટ કાર્યક્રમો, ધાર્મિક નાટિકાઓ સહિત અનેક ધાર્મિક અનુષ્ઠાનોનું ઉત્કૃષ્ટ આયોજન કરવામાં આવ્યું. જિનાલય, પરિસર, પંડોળ તથા રંગમંચ સુંદર રીતે શણગારી પ્રકાશના આયોજનથી કોઈ સ્વપ્ન નગરી ધરતી પર ઉતરી આવી હોય તેવો ભાસ થઈ રહ્યો હતો. આ મહોત્સવ પ્રસંગે સોનામાં સુગંધ સમા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની સ્થીરતા માટે નવા બનાવેલા આરાધના ભવનનું વિધી વિધાનપૂર્વક ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આઠેય દિવસો દરમ્યાન સવારની નવકારશી તથા બપોરના સ્વામિવાત્સલ્યનું અદ્‌ભુત આયોજન કરવામાં આવ્યું હતું.

આજથી વર્ષો પહેલા પાટણના જૈન પરિવારોનો વસવાટ થયો ત્યારે ૪૦૦ સાધર્મિકોનો સંઘ હતો. પરંતુ અહીં થતી ધાર્મિક પ્રવૃત્તિઓ અને ધર્મમય વાતાવરણને કારણે ઉત્તરોત્તર જૈનોનો વસવાટ વધતો ગયો અને આજે લગભગ ૧૪૦૦થી પણ વધુ સાધર્મિક સભ્યોનો સંઘ બન્યો છે. વર્ષો બાદ આવો મોટો ધાર્મિક પ્રસંગ આવતા પાટણ જૈન સમાજે ધર્મમય વાતાવરણમાં ગરકાવ થઈ અનેરો ઉમંગ ઉત્સાહ દાખવ્યો હતો. અબાલ વૃદ્ધો સૌના હૈયા આનંદની ઊર્મિથી છલકાઈ ઉઠ્યા હતા.

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ મંડળની રાહબારી હેઠળ ત્યાં વસતા પાટણ, ચાણસ્મા, ખંભાત અને રાજસ્થાન સમાજના યુવક-યુવતી અને મોટેરાઓએ ખુબ જ કુનેહ, ખંત અને મહેનતપૂર્વક ઉત્સાહી બની તન, મન અને ધનથી શાસનના આ કાર્યને સફળતાપૂર્વક પાર પાડી સંપ, એકતા અને શાસનની શાનના દર્શન કરાવ્યા હતા. 'ઓહો ! અમારૂં કેવું ભાગ્ય જાગ્યું. પ્રભુ વિરનું શાસન મળ્યું.'

## શુભ વિવાહ

**સંવત ૨૦૬૭**

| તિથિ | વાર | તારીખ | વડીલ | પુત્ર/પુત્રી | સ્થાન |
|---|---|---|---|---|---|
| વૈશાખ વદ ૧૨ | રવિવાર | તા. ૨૯-૦૫-૨૦૧૧ | ડૉ. જનકભાઈ રમણલાલ શાહ | ચિ. ડૉ. દીપમ | લખીયારવાડો |
| | | | શ્રી નિશીતભાઈ રમેશભાઈ શાહ | ચિ. અન્વી | — |
| જેઠ સુદ ૧૧ | રવિવાર | તા. ૧૨-૦૬-૨૦૧૧ | શ્રી ચંદ્રકાંત ભોગીલાલ સાંડેસરા | ચિ. અમિતા | બ્રાહ્મણવાડો |
| | | | શ્રી દિલીપભાઈ બંસીલાલ ખમાર | ચિ. અમી | — |



## એક જીવંત નરરત્નની કથા

# પરમ પૂજ્ય ગચ્છાધિપતિ શ્રી જયઘોષ સૂરીશ્વરજી મહારાજા

પાટણનું નામ પડે ને સિદ્ધરાજ જયસિહ કરતાં પહેલા રાજા કુમારપાળ યાદ આવે. પાટણ એટલે કે જાણે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીનો પર્યાય જ સમજી લ્યો ! આજના સ્વર્ણિમ ગુજરાતનું એક સમયનું સ્વર્ણિમ પાટનગર એટલે પાટણ ! એક સમય હતો જ્યારે પાટણની શેરીએ શેરીએ અને ગલીએ ગલીએ જિનાલયો-ઉપાશ્રયો અને જ્ઞાનાલયો ઊભા થઈ રહ્યા હતાં. ના, આ જાહોજલાલી હજી ઝળહળા થતી રહી છે. જ્યાં સુધી પાટણની ફળદ્રુપ વસુંધરામાં જીવંત નરરત્નો અવિરત પેદા થતા રહ્યા છે. પાટણ અને પટણી, જુનાને જાળવીને નવાનું સર્જન કરતાં રહ્યાં છે. સૈકા પૂર્વેની નહિ, દસકા પૂર્વેની વાત છે, દિવંગતની નહિ, એક જીવંત વ્યક્તિ વાત છે.

કેશુશેઠનો પાડો, મફતભાઈ અને કાન્તાબેનનું કુટુંબ, જય કુળ અને કુળને ઉજાળનાર એક જીવંત રત્ન પાક્યું. જેનું નામ હતું 'જવાહર!' તા. ૬-૭-૧૯૩૬નો એ ધન્ય દિવસ અને બપોરે બે વાગ્યાની એ ધન્ય ઘડી! વિ. સં. ૧૯૯૨નું એ ધન્યવર્ષ અને અષાઢ વદ-૨ ની એ ધન્ય પળ! અષાઢી મેઘ ને ય શરમાવી દે, તેવી ઉપકાર વર્ષા કરવા એક વાદલડીના બંધાણ અને મંડાણ પાટણના ગગને ગાજ્યા. જે આજે વિરાટ ધનાધન વાદળનું સ્વરૂપ ધારણ કરી પૂરા જિનશાસનના અંબરમાં વ્યાપ્ત થઈ ગયું છે. એ વાદલડી જો 'જવાહર', તો એ વિરાટ વાદળ એટલે પ. 'પૂ. ગચ્છાધિપતિ શ્રી જયઘોષ સૂરીશ્વરજી મહારાજા.' મેઘની જેમ મહાપુરૂષ સર્વત્ર સમાન રીતે જ વર્ત્યા અને વર્ષ્યા છે.

વ્યક્તિ ગત ઉપકાર કરતાં સમષ્ટિગત ઉપકાર વધુ મહત્ત્વપૂર્ણ છે. 'કોક ફ્લેટમાં બલ્બ, લાઈટ કે પંખાનું ફીટીંગ કરનાર કરતાં પૂરી વીંગમાં ઈલેકટ્રી સિટી લાઈન જોડનાર વધુ મહત્ત્વપૂર્ણ છે. સોસાયટીના વોચમેન કરતાં સીટીની સિક્યોરીટી વધુ મહત્ત્વપૂર્ણ હોય છે. આમ, વ્યક્તિ ગત ઉપકાર કરવા કરતાં સમષ્ટિગત ઉપકાર વધુ સુવિધા અને સંરક્ષણ પૂરું પાડા સમર્થ છે. કારણ કે, વિશેષ કરતાં સામાન્ય ઉપકાર વધુ મહત્ત્વ ધરાવે છે. વિશેષ ઉપકાર, મર્યાદિત વ્યક્તિ, સમય અને ક્ષેત્રનો હોય છે. જ્યારે સામાન્ય ઉપકાર અમર્યાદિત વ્યક્તિ, સમય અને ક્ષેત્રનો હોય છે.

જ્યાં અષાઢી મેઘ બનીને વરસતા વાદળની વર્ષા જો સર્વત્ર થતી હોય તો તેમાં પાટણ પણ કેમ બાકાત રહી જાય ? પૂજ્ય ગચ્છાધિપતિશ્રીના વરદ્ હસ્તે થયેલ જોગીવાડે શામળા પાર્શ્વનાથ દાદાની પ્રતિષ્ઠાની એ ઐતિહાસિક પળો અન યાદો આજેય પટણીઓને અર્ધજાગૃત અવસ્થામાં સપનારૂપે આવીને ઢંઢોળી જાય છે ! અને આનંદ એ વાતનો છે કે નિરંતર વરસતાં, છતાંય વધુ ને વધુ વિકસતા જતાં આ વાદળને સાડા સાત દાયકા પૂર્ણ થવાને આરે છે.

આજ 'દિ સુધીની કરેલી વર્ષા દ્વારા નવસર્જિત અને સંભવિત થયેલ વધુ ને વધુ તે તે લીલીછમ વાવડીઓને ઉપસ્મૃતિમાં લાવનારો એક અનેરો અને અપૂર્વ અવસર આજે જન્મ પ્લેટિનમ જ્યુબિલી નું નિમિત્ત લઈને આવી ઉભો છે. પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની જન્મ પ્લેટીનમ જ્યુબિલી ઉજાવવાનો અવસર ક્ષેત્રથી ભલે સાંતાક્રુઝને મળ્યો છે કિન્તુ ભાવથી તો ।પણને સહને-સહુ પાટણવાસીઓને પ્રાપ્ત થયો છે. ચાલો, તો ઉપકારીની એ ઉપકાર સ્મૃતિ કરવામાં કૃતજ્ઞતામાં આપણે ક્યાંય ઉણાં ન ઉતરીએ.

અષાઢ-વદ-૧, ૧૬ જુલાઈ શનિવાર-અતીત સેવર્તમાન તક, અષાઢ-વદ-૨, ૧૭ જુલાઈ રવિવાર, ગુરુ ગુણ ગૌરવ ગાથા. તા. ૧૭ જુલાઈ, રવિવાર ને પ્લેટીનમ જ્યુબિલીએ સહુ પટણીઓને સવારે બરાબર ૯-૦૦ કલાકે 'ગુરુ ગુણ ગૌરવ ગાથા'માં પદારવા આપ સૌને ભાવભર્યું આમંત્રણ છે. સ્વાભાવિક છે કે પૂ. ગચ્છાધિપતિશ્રીને **'પોતે માત્ર પાટણના નહિ જિનશાસનના છે'** તેનું ગૌરવ હોય, કિંતુ પાટણ વાસીઓને **'પૂ. ગચ્છાધિપતિશ્રી પોતાના છે'** તેનો ગર્વ અને ગૌરવ બન્ને છે !

**☐ મુનિ રત્નભાનુવિજયજી મ. સા.**

## ઈ.એન.ટી. ટ્રીટમેન્ટ રીલીફ યોજના

**શ્રી પાટણ જૈન મંડળ** દ્વારા સમાજના જરૂરિયાતવાળા પરિવારોને મેડિકલ ક્ષેત્રે, કેન્સર, ન્યુરોલોજી, ઈન્વેસ્ટીગેશન, ડાયગ્નોસીસ, હાર્ટ, ઓર્થોપેડીક, પીડીયાટ્રીક, મધર એન્ડ ચાઈલ્ડ હેલ્થ કેર, નેત્ર તથા અન્ય બિમારીઓના વિશાળ ખર્ચમાં સંસ્થાના નિયમાનુસાર ચોક્સપણે મદદરૂપ થઈશું. સંસ્થાને **વખતજીની શેરીના શ્રી હિતેનભાઈ પ્રવીણચંદ્ર શાહ** દ્વારા શ્રીમતી ગુલાબબેન રમણલાલ શાહના નામે નોંધાયેલ સખાવતના પરિણામે ચાલુ વર્ષથી **ઈ.એન.ટી. (કાન-નાક-ગળા)ને લગતા તમામ રોગો** તથા તેની તપાસ, નિદાન તથા તેની સારવાર માટેના ખર્ચમાં સહાય આપવામાં આવશે.

ઉપર્યુક્ત જણાવ્યા અનુસારના કોઈપણ મેડિકલ ખર્ચમાં વધુમાં વધુ રાહત આપી શકાય તેવા શુભ આશયથી શરૂ કરાયેલ યોજનાઓનો સમાજના જરૂરતમંદ પરિવારો બહોળા પ્રમાણમાં લાભ લે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**☐ મેડિકલ સમિતિ**

## શ્રી જૈન સંઘ એકતા સમિતિ

આપ સૌએ વર્તમાનપત્રો દ્વારા જાણ્યું હશે કે મહારાષ્ટ્ર સરકારે તમામ દેવસ્થાનો (દેરાસરો)ને શોપ્સ એન્ડ એસ્ટાબીસમેન્ટ હેઠળ આવરીને દેરાસરોને ૧૮ પ્રશ્નો પૂછતી નોટીસ મોકલી હતી. આપણા **ધારાસભ્ય શ્રી મંગલપ્રભાત લોઢાજી**ને જ્યારે ખબર પડી ત્યારે તુરત જ તેઓએ વિધાનસભામાં પૂરી તાકાતથી હંગામો કરી વિધાનસભાની તમામ કાર્યવાહી અટકાવી દીધી. માનનીય સ્પીકર સાહેબે મધ્યસ્થી કરતાં પ્રધાનશ્રીએ 'સ્ટે' આપી દીધો. **શ્રી મંગલપ્રભાત લોઢાજી**એ લેબર મિનીસ્ટર શ્રી હુસેન મુશરફસાહેબને મળીને રજૂઆત કરી. **'મહારાષ્ટ્રભરના તમામ દેવસ્થાનો શોપ્સ અને કોમર્શીયલ એસ્ટાબીસમેન્ટ હેઠળ આવતાં નથી તેથી દેવસ્થાનોને કોઈ કાયદો લાગુ પડતો નથી' એવી બાબતનો સ્પષ્ટ ઓર્ડર મહારાષ્ટ્ર સરકારે ૧૨મી મે ૨૦૧૧ના રોજ પાસ કર્યો છે.**

વર્ષો સુધી અસરકારક રહેનારા આ ઓર્ડરથી આપણાં દેરાસરો ગેરકાયદે સરકારી હસ્તક્ષેપથી બચી જશે, ઉપરાંત યુનિયનની પ્રવૃત્તિઓ ઉપર અંકુશ પણ લાવી શકાશે. આમ આ 'ઐતિહાસિક સરકારી ઓર્ડર'થી માત્ર મુંબઈ-મહારાષ્ટ્રના જ નહિ પરંતુ દેશભરના તમામ ધર્મસ્થાનકો માટે ફાયદાકારક સાબિત થશે. આવા બીજા અનેક ઐતિસાહિક કાર્યો માટે શ્રી લોઢાજીનો આભાર માની ધન્યવાદ આપીએ છીએ.

**☐ શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતી તથા શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ૨૪મો સમૂહલગ્નોત્સવ

**શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા** ના સંયુક્ત ઉપક્રમે પ્રોગ્રામ સમિતિના નેજા હેઠળ ૨૪ મો સમૂહલગ્નોત્સવ વસઈ ખાતે તા. ૧૨–૬–૨૦૧૧, રવિવારે યોજાયો હતો. સમૂહલગ્નમાં એક દંપતીએ પ્રભુતામાં પગલાં માંડ્યાં હતાં.

સમૂહલગ્નના સઘળા આયોજનમાં તેમજ ભેટ સોગાદ માટે દાતાશ્રીના સંપર્કમાં રહી પ્રોગ્રામ સમિતિના માનદ્ મંત્રીઓ શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ, શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ, શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ, શ્રી મુકેશભાઈ દિલીપભાઈ શાહ તથા શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહે મહત્ત્વનું યોગદાન પ્રદાન કર્યું હતું.

આ પ્રસંગે સમૂહલગ્નમાં ભેટ સોગાદ આપનાર દાતાશ્રીઓનો આભાર માનવામાં આવે છે. સમૂહલગ્નનાં પાનેતર, સાડીઓ વિગેરે સામાન ખરીદીમાં શ્રીમતી મિનાક્ષીબેન કીર્તિલાલ શાહ દ્વારા પ્રાપ્ત થયેલ સહકાર બદલ સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

**સમૂહલગ્નમાં ભેટ આપનાર દાતાઓના નામ**

(૧) **શ્રી પાટણ જૈન મંડળ :**
૨૦ ગ્રામ ચાંદીનો સ્મૃતિચંદ્રક તથા કવર

(૨) **શ્રીમતી ચંદ્રાવતીબેન જયંતિલાલ દેવડાવાળા (લીમડીનો પાડો) :**
રૂા. ૨૫૦૦ ના કિસાન વિકાસ પત્ર

(૩) **શ્રી સુધીરભાઈ નવિનચંદ્ર શાહ શાહ (મારફતીયા મહેતાનો પાડો) :** પાનેતર

(૪) **શ્રી ભરતભાઈ નેમચંદ શાહ (કુંભારીયા પાડો) :**
સાડી, ડ્રેસ તથા કન્યાઓને અન્ય ઉપયોગી વસ્તુઓ.

(૫) **શ્રીમતી ભારતીબેન ભદ્રકાંત પ્રેમચંદ શાહ (ઢંઢેર વાડો) :**
સુટકેશ, કોસ્મેટીક પાઉચ, સાડી કવર, પુજા બેગ

(૬) **શ્રી મહાસુખલાલ કેશવલાલ શાહ (કલકત્તાવાળા)**
(મારફતીયા મહેતાનો પાડો) : સ્ટીલની પવાલી

(૭) **શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ (કનાસાનો પાડો) :** સ્ટીલનો ડીનર સેટ

### પ્રાર્થના

● હું સંકટોથી બચવા નહિ, પરંતુ સંકટોનો સામનો નિર્ભયતાથી કરી શકું, એટલા માટે પ્રાર્થના કરું છું.

❑ **રવીન્દ્રનાથ ટાગોર**

● પ્રાર્થના અહંકારને શૂન્ય કરવામાં મદદ કરે છે.

❑ **વિનોબા ભાવે**

● માણસ કેવું વિચિત્ર પ્રાણી છે...તે ઈશ્વરને પ્રાર્થના કરે છે ત્યારે પોતાનામાં પલટો થાય એવું માગવા કરતાં પરિસ્થિતિ પલટાઈ જાય તેવું વિશેષ પ્રાર્થે છે.

❑ **વેનિંગ**

### શ્રદ્ધાંજલિ

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રી કીર્તિલાલ જેશીંગલાલ ઝવેરી** (મણીયાતી પાડો)નું તા. ૧૬–૫–૨૦૧૧ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે ટુંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયેલ છે.

મંડળની સંપાદક સમિતિમાં રહી, આપેલ સેવાઓને બિરદાવી સદ્ગતશ્રીના નિધન બદલ શોકની લાગણી વ્યક્ત કરીએ છીએ. સદ્ગતના પરિવારને પરમાત્મા દુઃખ જીરવવાની શક્તિ અર્પે એજ પ્રાર્થના.

❑ **સંપાદક સમિતિ**


## શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** ● **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/-** ● **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ** ● (જા૪ખ)

# સંસ્થા સમાચાર

### ❑ નૂતન વિનય મંદિર-પાટણ

નૂતન વિનય મંદિર-પાટણ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જૈન શિક્ષણ આપવાના નવા અભિગમે મંગળવાર, તા. ૫-૪-૨૦૧૧ના પ. પૂ. પુંડરિક વિજયરત્ન મહારાજ સાહેબની ઉપસ્થિતિમાં **શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ શાહ**ના વરદ્ હસ્તે જૈન પાઠશાળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શાળાના દાતા **શ્રી વિરેન્દ્રભાઈ ભગવાનદાસ નગરશેઠ** ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા સુંદર પ્રાર્થના-સ્વાગત ગીત રજૂ કરવામાં આવેલ.

અત્રે વિશેષ ઉલ્લેખનીય રહેશે કે મજકૂર શાળાના ગ્રાઉન્ડ ફ્લોર ખાતે ચોવીશ તીર્થંકર ભગવંતો અને દેવ-દેવીઓના ફોટા-પ્રતિમાજી પણ મૂકવામાં આવેલ છે, જેનો આપ પાટણ પધારો ત્યારે દર્શનનો અવશ્ય લાભ લેશો.

### ❑ પાટણમાં પંચાસરા પાર્શ્વનાથ જીનાલયની ૫૬ મી વર્ષગાંઠ ઉજવાઈ

પ્રાચીન ઐતિહાસિક ધર્મનગરી પાટણમાં જૈનોના પ્રસિદ્ધ યાત્રાધામ **પંચાસરા પાર્શ્વનાથ જિનાલયની ૫૬ મી** વર્ષગાંઠની ધર્મ અને ભક્તિના માહોલમાં હર્ષોલ્લાસપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. **પૂ. આચાર્ય ભગવંત જંબૂવિજયજી મ. સા.ના પટ્ટશિષ્ય પૂ. પુંડરિક વિજયજી મ. સા.ની નિશ્રામાં** ભક્તિ-સંગીતના માહોલમાં પૂજા-પાઠ સાથે જૈનમ્ જયતી શાસનમ્...ના જયઘોષ વચ્ચે જૈન ભાઈ-બહેનોની વિશાળ ઉપસ્થિતિમાં શુભ મૂહૂર્તે મુખ્ય જિનાલયને તેમજ દેરાસર સંકુલમાં આવેલ તમામ દેરીઓને ધ્વજા ચઢાવવામાં આવી હતી.

વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે પંચાસરા પાર્શ્વનાથજી પ્રભુને સુંદર અંગરચના કરવામાં આવી હતી. આ પ્રસંગે જેઠ સુદ ચોથના રોજ ૧૨-૩૯ કલાકે પંચાસરા પાર્શ્વનાથ ભગવાન તથા ૫૨ જિનાલયોના અઢાર અભિષેક ઉપરાંત રાત્રે ભાવનામાં ૧૦૮ દીવાની આરતી કરાઈ હતી. જેઠ સુદ પાંચમના રોજ સવારે ૯ કલાકે પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજા, સત્તરભેદી પૂજન તેમજ ૯મી પૂજામાં બાવન જિનાલય તથા શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાનની ધજા ચઢાવાઈ હતી તેમજ પ્રભુને ભવ્યાતિભવ્ય આંગી સાથે રાત્રે ભાવના કરાઈ હતી. અનેક જૈન શ્રેષ્ઠીઓએ ધર્મ લાભ લીધો હતો. જિનાલયની વર્ષગાંઠ નિમિત્તે જમણવારનો લાભ ધાયણોજવાળા શ્રીમતી જાસુદબેન મફતલાલ વાડીલાલ પરિવારે લીધો હતો.

આ પ્રસંગે **શ્રી વિરેન્દ્રભાઈ ભગવાનદાસ નગરશેઠ, શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ** સહિત પંચાસરા પાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા મુંબઈથી પધારેલ બસો જેટલા મહાનુભાવોએ ઉમંગભેર જોડાઈને સમગ્ર પ્રસંગને દિપાવ્યો હતો.

### ❑ શ્રી વાલકેશ્વર પાટણ જૈન મિત્ર મંડળ :

આશરે ૨૨૦૦ વર્ષ પહેલાં જૈન શાસનપ્રેમી સમ્રાટ સમ્પ્રતિ થઈ ગયા. સંશોધકોનું કહેવું છે કે સમ્રાટ અશોક અને મહારાણી પદ્માવતીના તે કુણાલ મહારાજા અને તેમના પુત્ર સમ્રાટ સમ્પ્રતિ.

દાદી રાણી પદ્માવતી તેમ જ સુહસ્તિસૂરિજી મહારાજ સાહેબની પ્રેરણાથી વીર સંવત ૨૭૫માં સમ્રાટ સમ્પ્રતિ મહારાજે મગધદેશની અવન્તિ નગરીમાં રાજધાની સ્થાપી. રાજસ્થાનના ઉદેપુરથી આશરે ૯૦ કિ.મી. દૂર મેવાડના રાજા રાણાએ કુંભલગઢમાં ઐતિસાહિક કિલ્લો બનાવેલો જેમાં દુનિયાની ત્રીજા નંબરની દિવાલ ૧૧૦૦ કિ. મીટરની ઊંચાઈ અને ૩૬ કિ.મી. સુધીનો વિસ્તાર 'ગ્રેટ વોલ ઓફ ઈન્ડિયા' તરીકે જાણીતી છે.

ઈ. સ. પૂર્વે ૨૨૪-૨૨૫ની સાલમાં રાણી પદ્માવતી જૈન હોવાથી પોતાના તમામ જૈન સંસ્કૃતિ અને સંસ્કારો, પૌત્રમાં ભર્યા પરિણામે સમ્રાટ સમ્પ્રતિએ જીવનકાળ દરમ્યાન સવા કરોડ મૂર્તિઓ ભરાવી અને સવા લાખ જિન મંદિરો બનાવ્યા. શત્રુંજય મહાતીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ૭૦૦ જેટલી દાનશાળાઓ ખોલી, ચીન, બ્રહ્મદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન, નેપાળ, ભૂતાનમાં જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો. હજારો પાંજરાપોળો ખોલી, જીવહિંસા ઉપર પ્રતિબંધ મૂકાવ્યો. કિલ્લામાં કુલ ૩૬૦ મંદિરોમાંથી ૩૦૦ જૈન દહેરાસર બાકીના હિન્દુ મંદિરો આવેલા છે. એક એવી દંતકથા છે કે ધર્મપ્રેમી સમ્રાટ સમ્પ્રતિ મહારાજ સવારમાં (ચહા-નાસ્તો) નવકારશી ત્યારે જ કરે જ્યારે એમને સમાચાર આપવામાં આવે કે આજે એક નવા જૈન દહેરાસરનું નિર્માણ થયું છે. હિન્દુસ્તાનમાં તેઓ 'જૈન અશોક' તરીકે પણ ઓળખાય છે. સરકારના હેરિટેજ વિભાગ દ્વારા ગઢની આસપાસ 'લાઈટ એન્ડ સાઉન્ડ'નો શો પણ થાય છે જે આપની જાણ ખાતર.

### ❑ પાટણમાં વસતા જૈન સમાજના બંધુઓની મિલકતોના વેરા ભરપાઈ અંગે

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, ગુર્જર નગરી પાટણ શહેરમાં વસવાટ કરતાં જૈન સમાજના બંધુઓની (પટ્ટણી બંધુઓની) મિલકતો શહેરના જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદા જુદા મહોલ્લા, પોળમાં બંધ હાલતમાં હોય છે જ્યારે ત્યારે નગર પાલિકા દ્વારા મિલ્કતના વેરા ભરવા બાબતે વેરાના બીલો બજાવવા જતાં તેઓની મિલકત બંધ હોઈ બીલો બજતા નથી. નગરપાલિકા પાસે તેઓ બહારગામ જેવા કે, મુંબઈ, સુરત વસતા હોઈ ત્યાંના સરનામા ન હોવાથી ત્યાં પણ બીલો બજતા નથી અને દંડમાં વેરા ભરવા પડે છે. તો આપશ્રીને નમ્ર વિનંતી કે, સદરહુ જૈન બંધુઓની હાલ વસવાટ કરતાં સરનામાની યાદી પાટણ નગરપાલિકા, ભદ્ર વિસ્તાર, પાટણને મોકલી આપવા.

## નોટબુકનું વિતરણ

**શ્રી પાટણ જૈન મંડળ અને સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ**ના સંયુક્ત ઉપક્રમે દર વર્ષે વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઉત્તમ ક્વોલીટીની નોટબુકોનું રાહતના દરે મંડળ દ્વારા પાટણ-પુના-મુંબઈ તથા તેના ઉપનગરોમાં મે માસના 'પાટણ પ્રતિબિંબ'માં પ્રકાશિત સ્થળોએ વિતરણ કાર્ય લગભગ પૂર્ણતાને આરે છે. છતાં આપણા નજદીકના વિસ્તારમાં ઉપલબ્ધ હોય ત્યાં સુધી વહેલી તકે સંપર્ક કરી નોટબુક મેળવી લેવી.

નોટબુક વિતરણ કાર્યમાં સહાયક થનાર સર્વે કાર્યકરો પ્રત્યે આભારભાવ વ્યક્ત કરવામાં આવે છે.

❑ **શિક્ષણ સમિતિ**

## સાંભળો ને...'શ્વાસ' ઉધાર આપશો કે ?

જૈન શાસ્ત્ર પ્રમાણે જીવ નિશ્ચિત શ્વાસોશ્વાસની સંખ્યા લઈને જન્મે છે. શરીર, મન અને શ્વાસનો એકબીજા સાથે ગહન સંબંધ છે.

કૂતરો એક મિનિટમાં ૧૦૦ થી ૧૨૫ જેટલા શ્વાસ લે છે અને ૧૫ થી ૨૦ વર્ષ જીવે છે. મનુષ્ય ૧૨ થી ૧૬ જેટલા શ્વાસ એક મિનિટમાં લે છે. ૭૦ થી ૧૦૦ વર્ષ જીવે છે. કાચબો દોઢથી બે મિનિટમાં એક શ્વાસ લે છે. ૨૦૦ થી ૨૨૫ વર્ષ જીવે છે. આપણે મૈત્રી, પ્રેમ, કરૂણા તથા સમતાભાવમાં સ્થિર રહીએ તો શ્વાસ નૈસર્ગિક રીતે ઊંડા અને મંદ ચાલતા માનસિક સ્તરે નિરામયતા, શાંતિ અને આનંદની સ્થિતી અનુભવાય છે. જે આરોગ્ય માટે 'ટોનિક' સમાન છે.

મનુષ્ય રાગ, દ્વેષ, ક્રોધ, લોભ જેવા વિકારોમાં ગુંચવાયેલો રહે ત્યારે શ્વાસ ટૂંકા અને ઝડપી થઈ જાય છે. (એક મિનિટમાં ૨૦ થી ૨૫ શ્વાસ). જે ઝડપથી શ્વાસ ખર્ચાય છે તે વિના વળતર મૃત્યુ નજદીક લાવે છે. જો આ ઝડપથી આપણા શ્વાસ ખર્ચાઈ જશે તો આપણને 'શ્વાસ' ઉધાર કોણ આપશે ? તો ચાલો ચિત્તને શ્વાસમાં પરોવીને સંબંધોમાં સૂમેળ સાધીને, મનની નિરામયતા શાંતિ અને આનંદની સ્થિતી અનુભવવા માટે નૈસર્ગિક ઊંડા અને મંદ શ્વાસનો 'શ્વાસ' લઈએ.

❑ શ્રી દીપકભાઈ ગુણવંતલાલ શાહ

## હાઈટેક શિક્ષણ સહાય યોજના

**શ્રી પાટણ જૈન મંડળ** દ્વારા સમાજના શાળા–કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ–બહેનોને પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીના તમામ અભ્યાસક્રમોના શૈક્ષણિક ખર્ચ માટે સહાય કરવામાં આવે છે. શ્રી પાટણ જૈન મંડળને **ઢંઢેરવાડાના શ્રી પ્રવીણભાઈ કેશરીચંદ શાહ** દ્વારા તેમના પત્ની **શ્રીમતી ગુણવંતીબેન**ની કાયમી સ્મૃતિમાં પ્રાપ્ત થયેલ સખાવતના સુપરિણામે ચાલુ વર્ષની એમ.બી.એ. પછીના કોઈપણ બીઝનેસ કોર્સ, પીએચ.ડી. તથા આઈ.એ.એસ. કે સમકક્ષ નીચે મુજબના ઉચ્ચ અભ્યાસક્રમો માટેના ખર્ચમાં શૈક્ષણિક સહાય આપવામાં આવે છે.

**શ્રીમતી ગુણવંતીબેન પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ હાઈટેક શિક્ષણ સહાય યોજના** અંતર્ગત માઈક્રોબાયોલોજી, સોલાર, એટોમીક, ઓસનોગ્રાફી ન્યુક્લીયર-એટોમીક, સ્પેસ રિસર્ચ, એમ.બી.એ. પછીના કોઈપણ બીઝનેસ કોર્સ, પીએચ.ડી. તથા આઈ.એ.એસ. કે સમકક્ષ કોઈ પણ અભ્યાસક્રમમાં જોડાયેલ વિદ્યાર્થીના શૈક્ષણિક ખર્ચ માટે મંડળ સહાયક થઈ શકશે. વિદ્યાર્થીઓ દ્વારા વધુ ને વધુ સંખ્યામાં લાભ લેવાય તેવી અપેક્ષા અસ્થાને નથી જ..

❑ શિક્ષણ સમિતિ

## 'દિશા' ગેટ ટુગેધર

'દિશા' આપણા પાટણના સ્પેશ્યલ બાળકોની સંસ્થા અથવા એમ પણ કહી શકાય પાટણ સમાજનું અવિકસીત અંગ, જેને બોડી વધારે કેરની સહાયની જરૂર છે. આપણે તેમાં અવનવા કાર્યક્રમોની તેમની ઊણપ પુરવાના પ્રયત્ન કરીએ છીએ.

તા. ૨૦–૫–૧૧, શુક્રવારના દિવસે શ્રીમતી કોકિલાબેન વિનોદભાઈ (ચોધરીની શેરી), જેઓ દિશાના માનવંતા ડોનર છે, તેઓના ફેમિલી તરફથી સાંજના ૬ વાગે ગેટ ટુગેધરનું હિન્દુ જીમખાનામાં સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી જે. કે. શાહના પ્રયાસથી સુંદર આયોજન થયેલ. લગભગ ૯૦ ની ઉપસ્થિતી હતી. તેમાં ચુડઘર પરિવારના મહેમાનોએ ભાગ લીધેલ.

હિન્દુ જીમખાનામાં સ્વાદિષ્ટ ભોજન સાથે દરેક વ્યક્તિએ Housei ની મઝા માણી હતી. બાર વર્ષથી બાળકો સાથે રહીને એકબીજાને ઓળખતા થયા છે. તેમને પણ તેમના મિત્રોને મળવાનો આનંદ અવર્ણનીય રહ્યો હતો. તેઓનો ચુડગર પરિવાર ગેસ્ટ, તેમજ બાળકોના પિતામહ શ્રી જે. કે. શાહ તેમજ કનાસા ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી શ્રીકાંતભાઈ અને શ્રી ભરતભાઈ તરફથી દરેક બાળકોને મુગડીના પેકેટ ભેટ આપવામાં આવ્યા હતા. શ્રીમતી શર્મીબેન [GIANT INTERNATIONAL] તરફથી દરેક બાળકને પેન્ટ-પીસ ભેટ આપવામાં આવેલ અને મિલન સમારંભના સ્પોન્સર શ્રીમતી કોકિલાબેન તરફથી રૂા. ૨૫૦નું કવર આપવામાં આવેલ. દરેકના સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. પાટણ દિશા કાર્યશાળાના ત્રણ બાળકોએ સ્ટેટ લેવલ સ્પેશ્યલ ઓલિમ્પિકમાં ભાગ લીધેલ, તેઓને ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયેલ 'દિશા' તેઓને ખોબલે ખોબલે અભિનંદન પાઠવે છે.

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

### શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય–પાટણ

**માર્ચ–૨૦૧૧માં લેવાયેલ બોર્ડની પરીક્ષાના પરિણામ**

**ધો. ૧૦ S.S.C. શાળાનું પરિણામ ૮૭.૬૫%**

**શાળામાં પ્રથમ ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીઓ**

| નામ | પરસેન્ટ્રાઈલ રેન્ક | ગ્રેડ | ટકા |
|---|---|---|---|
| (૧) ચૌહાણ ગિરધારસિંહ સેલુજી | ૯૯.૧૨ | A-1 | ૯૦–૦૬ |
| (૨) પટેલ નિખાર રમેશકુમાર | ૯૮.૪૪ | A-2 | ૮૯–૦૦ |
| (૩) પટેલ દેવાંગી અરવિંદભાઈ | ૯૮.૨૩ | A-2 | ૮૮–૦૬ |

**ધો. ૧૨ H.S.C. સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૧.૭૨%**

**શાળાના પ્રથમ પાંચ વિદ્યાર્થીઓ**

| નામ | પરસેન્ટ્રાઈલરેન્ક | ગ્રેડ |
|---|---|---|
| (૧) ભરવાડ કાન્તિભાઈ મહાદેવભાઈ | ૯૯.૬૪ | A-2 |
| (૨) વાઘેલા શક્તિસિંહ દિપકસિંહ | ૯૯.૧૫ | A-2 |
| (૩) સેંધવ મયંકકુમાર ગગજીભાઈ | ૯૮.૪૭ | A-2 |
| (૪) વાઘેલા દશરથસિંહ ગોપાળસિંહ | ૯૭.૮૪ | A-2 |
| (૫) ઘાંચી દિવ્યાબેન રાજેશકુમાર | ૯૭.૩૯ | A-2 |

**ધો. ૧૨ H.S.C. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૪૪.૨૩%**

**શાળાના પ્રથમ પાંચ વિદ્યાર્થીઓ**

| નામ | પરસેન્ટ્રાઈલરેન્ક | ગ્રેડ |
|---|---|---|
| (૧) પ્રજાપતિ નિલેશ મહેશકુમાર | ૮૦.૩૭ | B-2 |
| (૨) રબારી દેવાભાઈ શીવાભાઈ | ૭૪.૧૧ | B-2 |
| (૩) ચૌહાણ ભવાનસિંહ માણાજી | ૭૦.૨૧ | B-2 |

# મંડળની વિવિધ પ્રવૃત્તિઓના અરજીફોર્મ તથા સહાય મેળવવા માટેની વ્યવસ્થા

ધોરણ ૧ થી કૉલેજ તથા ત્યાર પછીના ડિગ્રી-ડિપ્લોમા અભ્યાસ કોર્સ માટેની દરેક શિક્ષણ સહાય, કૉમ્પ્યુટર, પોસ્ટ ગ્રેજ્યુએશન, હાયર એજ્યુકેશન, હાઈટેક એજ્યુકેશન સ્કૉલરશિપ, પરદેશ અભ્યાસ, ટ્યૂટોરીયલ વર્ગ ફી, સી.એ. કોર્સ વગેરે શિક્ષણ ક્ષેત્રના તમામ અભ્યાસક્રમમાં શિક્ષણ સહાય આપવામાં આવે છે. મકાન ભાડા રાહત, આર્થિક સહાય, સિનીયર સિટીઝન–વૃદ્ધજન સહાય, મેડિકલ ક્ષેત્રે ડૉક્ટરે લખી આપેલ દવાઓ તથા ઈન્વેસ્ટીગેશન નિદાન માટે, કેન્સર, નેત્ર, હાર્ટ સર્જરી, ન્યુરોલોજી, કીડની, ડાયાલીસીસ, ઑર્થોપેડીક સારવાર, મધર એન્ડ ચાઈલ્ડ હેલ્થકેર, પીડીયાટ્રીક, ડાયાબીટીસ, કાન–નાક–ગળા (ENT), મેડીક્લેઈમ વિગેરે ઉપરાંત મહિલા ઉત્કર્ષ તથા વિકલાંગ ઉત્કર્ષ જેવી દરેક પ્રકારની આર્થિક જરૂરિયાત માટે મંડળ સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને સહાયક થાય છે. **સહાયની વિગતો એકદમ ખાનગી રાખવામાં આવે છે, જેથી દરેકને તેનો વિનાસંકોચે લાભ લેવા વિનંતી છે.**

ગૃહઉદ્યોગ, નાના ઉદ્યમો જેવા કે પાપડ, ખાખરા, સાલમપાક, ફરસાણ, ફ્રેલ બીડીંગ, સાડી વેચાણ, ઈમિટેશન જ્વેલરી, સાબુ બનાવવો વગેરે માટે **સમાજ વિકાસ રીપેએબલ યોજના** અનુસાર સરળ હપ્તે પરત કરવાની શરતે વગર વ્યાજની લોન આપવામાં આવે છે. **રીવોલ્વીંગ ફંડ (શિક્ષણ)** યોજના હેઠળ અભ્યાસ અર્થે લોન-સ્કૉલરશિપ પણ આપવામાં આવે છે.

સંસ્થાએ સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને, વિદ્યાર્થી ભાઈ-બહેનોને, મેડિકલ ક્ષેત્રે તથા શિક્ષણ ક્ષેત્રે વધુમાં વધુ સહાયક થવાની નૂતન યોજનાઓ તૈયાર કરેલ છે. જેનો બહોળા પ્રમાણમાં લાભ લેવાય તે માટે સંસ્થાના મુખ્ય કાર્યાલયમાંથી વિગતો સમજી લેવા વિનંતી છે. શિક્ષણ ક્ષેત્રના નૂતન અભિગમ અને ક્રાંતિકારી પરિવર્તનથી દરેક વિદ્યાર્થી ગ્રેજ્યુએટ કે ડિપ્લોમાનો અભ્યાસ પૂર્ણ કરે તે માટેના સંસ્થાના આયોજનોને સાકાર કરવાના વ્યવસ્થિત મહત્તમ પ્રયાસો થઈ રહ્યા છે.

ઉપરોક્ત દર્શાવ્યા અનુસારની દરેકે દરેક પ્રકારની આર્થિક સહાય યોજનાઓનો લાભ લેવા ઈચ્છતા સમાજના જરૂરિયાતવાળા પરિવારોના ભાઈ-બહેનોને તેમના અરજી ફૉર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી **તા. ૩૦–૬–૨૦૧૧ સુધીમાં** મોકલી આપવા અનુરોધ છે.

૧. **શ્રી પાટણ જૈન મંડળ – મુખ્ય કાર્યાલય**
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ – ૪૦૦ ૦૨૦.
સમય : ૧૦-૩૦ થી ૧-૩૦, બપોરે ૨-૩૦ થી ૬-૦૦
**ફોન : ૨૨૮૧૧૩૪૬, ૨૨૮૧૧૨૧૮**

૨. **શ્રી પાટણ જૈન મંડળ – શાખા કાર્યાલય**
રૂપમ, ગ્રાઉન્ડ ફ્લોર, ૧૫૨, જવાહરનગર, ગોરેગામ-વેસ્ટ, મુંબઈ – ૪૦૦ ૦૬૨.
સમય : ૯-૩૦ થી ૧૨-૩૦, બપોરે ૪-૦૦ થી ૭-૦૦
**ફોન : ૨૮૭૭૬૦૯૦**

૩. **શ્રી પાટણ જૈન મંડળ – શાખા કાર્યાલય**
બ્લોક નં. ૧, ગ્રાઉન્ડ ફ્લોર, એ-૨૩, રતનનગર,
ડી. એન. દુબે માર્ગ, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૬૮.
સમય : ૯-૩૦ થી ૧૨-૩૦, બપોરે ૩-૩૦ થી ૬-૩૦
**ફોન : ૨૮૯૧૧૩૦૮**

૪. **શ્રી પાટણ જૈન મંડળ – શાખા કાર્યાલય**
ઠે. શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ, પીપળા શેર,
પાટણ (ઉ. ગુજરાત), પિન–૩૮૪૨૬૫.
**ફોન : ૦૨૭૬૬–૨૨૦૭૧૫**

☐ **શ્રી પાટણ જૈન મંડળ**

**ભૂલસુધાર :**
મે માસના 'પાટણ પ્રતિબિંબ'માં લગ્નસંબંધી જાહેરાતમાં ચિ. અંકિત નીતીનભાઈ પટણી નો Email ID ankit_anp@yahoo.co.in સુધારીને વાચવો.


## 'મકાન વેચવાનું છે'

કનાસાના પાડામાં લેટેસ્ટ સગવડવાળું ૩ માળનું (૩૫૦૦ સ્કે. ફીટ) રેડી મકાન વેચવાનું છે.
સાંજે ૬ વાગ્યા પછી સંપર્ક કરવો.
Phone No. : 9969892335

જાxખ

## અલ્પા મેરેજ બ્યુરો

યુવકનું નામ : **અક્ષય મુકેશભાઈ નવીનચંદ્ર શાહ**
પિતા : શ્રી મુકેશભાઈ નવીનચંદ્ર શાહ; માતા : ઉર્મિલાબેન મુકેશભાઈ શાહ
બિઝનેશ : ડાયમંડ ● જન્મ તા. : ૧૪–૮–૮૭ ● હાઈટ : ૫'-૮''
ભણતર : **B.Com.**
રહેઠાણ : ખેતવાડી, વાલકેશ્વર
કોન્ટેક્ટ નં. : 9823218746, 80805474241

જાxખ

## લગ્નસંબંધી

**NAME : DARSHAN LALITBHAI SHAH**
Mother : Smt. Jyotiben Lalitbhai Shah
Birth Date : 7-6-80, Height : 5'-9"
Occupation : Professional; Qualification : **C.A.**
Mohallo : Limdi no pado
Cont.No.Res.: **23888719,** Office: **23429529 [Time:2 to 6]**
Email : darshan_1012@yahoo.co.in

જાxખ

## લગ્નસંબંધી

Name : **CHIRAG NARENDRABHAI SHAH [Divorced]**
DOB : June 7, 1980
Mother-Father : Smt. Chitra Narendrabhai Bapulal Shah
Mohallo : Soniwado, Uchhi Pol
Mosal : Jashwantlal Panachand [Kumbhario pado]
Education : **C.A.** Working : **In ICICI Bank**
Residence : Bhayandar. Contact : 98192 55013, 28188082.

જાxખ

# આજે પ્રાકૃતભાષાના અધ્યયનની અત્યંત આવશ્યકતા છે

પ્રાકૃત ભાષા એટલે પ્રકૃતિની ભાષા. સંસ્કૃતમાં પ્રકૃતિનો એક અર્થ સામાન્ય પ્રજા પણ થાય છે. એટલે પ્રાકૃત ભાષા સામાન્ય જનતાની ભાષા છે. પ્રાકૃત ભાષાના નામે ઓળખાતી કુલ દસ ભાષાઓ છે જે ભારતના જુદા જુદા ક્ષેત્રોમાં બોલાતી હોવાથી જે તે ક્ષેત્રના નામે નામકરણ પામેલી છે. પૂર્વના મગધ પ્રદેશ (આજના બિહાર)ની ભાષા માગધી. તેના આજુબાજુના પ્રદેશોની ભાષાઓના કિંચિત્ મિશ્રણથી આકાર પામેલી ભાષા અર્ધમાગધ છે. જેમાં ભ. મહાવીર સ્વામીએ કેવલજ્ઞાન થયા પછી પોતાના ઉપદેશ આપ્યા. એ ઉપદેશોને શ્રુતિ પરંપરાથી જાળવી રખાયા અને સમય સમય પર ત્રણ વાચનાઓ કરવામાં આવી. ત્રીજી વાચનામાં બધા આગમો ને લિપિબદ્ધ કરવામાં આવ્યા જેને આપણે શ્વેતાંબર જૈન આગમ કહીએ છીએ. બૌદ્ધોના ધર્મગ્રન્થો પાલિ ભાષામાં લખાયેલા છે જેને પાલિ ત્રિપિટક કહેવાય છે. મૌર્ય સમ્રાટ અશોકે ધર્મપરિવર્તન કર્યા પછી પોતાની પ્રશાસનશૈલીમાં કરેલા ફેરફારોની માહિતીને પોતાના સંપૂર્ણ સામ્રાજ્યમાં શિલાઓ, સ્તંભો, ગુફાઓ ઇત્યાદિ ઉપર કોતરાવીને પ્રજાને અવગત કરાવ્યા. તેની ભાષા બીજી પ્રાકૃત ભાષાઓ કરતાં જુદી છે. પૈશાચી અને ચૂલિકા પૈશાચી ભાષાઓ પશ્ચિમોત્તર ભારતની ભાષાઓ છે. પૈશાચીભાષામાં ગુણાઢ્યે લખેલી બૃહત્કથાનો ઉલ્લેખ મળે છે. શૈરસેની ભાષા શૂરસેન પ્રદેશ એટલે મધ્યભારતની ભાષા છે. જેમાં દિગંબર જૈન આગમ સાહિત્ય પ્રાપ્ત થાય છે અને સંસ્કૃત નાટકોમાં સ્ત્રી, દાસ દાસી આદિ ઇતર પાત્રોની ભાષા શૈરસેની જ છે. મહારાષ્ટ્રી ભાષા આમ તો મહારાષ્ટ્ર પ્રદેશમાં વિકાસ પામેલી ભાષા છે. પરંતુ લોકપ્રિયતાને કારણે તેમાં સંપૂર્ણ ભારતના કવિઓએ રચના કરી. અપભ્રંશ ભાષા પ્રાકૃત ભાષાઓના છેલ્લા તબક્કાની ભાષા છે અને તે પણ સમગ્ર ભાષામાં વિકાસ પામેલી, આ બે ભાષાઓમાં મોટા પ્રમાણમાં જૈન અને અજૈન કાવ્યો લખાયા. વસુદેવહિંડી, પઉમચરિયં, કુવલયમાલાકહા, સમરાઈચ્ચકહા, કર્પૂરમંજરી, પઉમચરઉ, કરકંડચરિઉં વગેરે ગ્રન્થો ખૂબ પ્રચલિત છે. પ્રાકૃતમાં લખાયેલું કથા સાહિત્ય તો કથાઓનો સૌથી મોટો ભંડાર છે. પ્રાકૃત ભાષાઓ ભારતીય સંસ્કૃતિ, ઇતિહસ વગેરેને પ્રામાણિક રીતે વહન કરે છે. એમાં આ બધાની પુષ્કળ સામગ્રી ભરેલી છે. આધુનિક ભારતીય ભાષાઓની વિકાસમાં પ્રાકૃત ભાષાઓની ભૂમિકા મધ્યસ્થ ભાષાની છે. સંસ્કૃતથી વિકસતી ભાષાઓ પ્રાકૃતમાં થઈ આધુનિક સ્વરૂપ ધારણ કરી છે. કેટલાક આધુનિક સાહિત્યિક ગ્રન્થો તો પ્રાકૃત ગ્રન્થો ઉપરથી રચાયેલા છે. સંસ્કૃતમા લખાયેલા અલંકારશાસ્ત્રના પુષ્કળ ઉદાહરણો પ્રાકૃત સાહિત્યમાંથી લેવામાં આવ્યા છે. એટલે આધુનિક ગુજરાતી હિંદી આદિ ભાષાઓને સારી રીતે જાણવા માટે પ્રાકૃત ભાષાઓનું જ્ઞાન જરૂરી છે. સંસ્કૃત ભાષા સાથે તેનો સગી બહેનનો સંબંધ છે. એટલે સંસ્કૃતના જ્ઞાન માટે પણ પ્રાકૃતભાષાનું જ્ઞાન આવશ્યક છે.

આધુનિક કાળમાં અનેક વિશ્વવિદ્યાલયોમાં પ્રાકૃત ભાષાઓ શીખવાય છે અને રિસર્ચ પણ કરાવાય છે. ગુજરાત પ્રદેશમાં ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ, હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, જૈનવિશ્વભારતી લાડનું રાજ., ઉદયપુર, જોધપુર વગેરેની યુનિવર્સિટીમાં પ્રાકૃત શીખવાય છે. તેના માટે છાત્રવૃત્તિની પણ જોગવાઈ છે. પરંતુ દુર્ભાગ્યવશ આ વિષય માટે વિદ્યાર્થીઓનું વલણ ઉદાસીન છે. જેના કારણે આ ભાષા અને સાહિત્યનું અધ્યયન સમુચિત રીતે નથી થતું. પાટણમાં તો પી. કે. કોચાવાલા કૉલેજમાં પ્રાકૃત વિષય બંધ થવાના આરે છે. કેમકે ત્યાં કોઈ અધ્યાપક નથી. ગુજરાત યુનિવર્સિટી અમદાવાદમાં પ્રાકૃત વિભાગ વિધિવત્ ચાલે છે. એમ.એ.માં સ્કૉલરશિપની સાથે બે સ્વર્ણપદક પણ અપાય છે. છતાં ત્યાં વિદ્યાર્થીઓનો સદંતર અભાવ રહે છે. અમદાવાદને જૈનનગર પણ કહેવાય છે. પણ જૈન સમજના લોકો પણ પ્રાકૃત ભણવા આવતા નથી. જેમના માટે આ ભાષાઓનું ધાર્મિક મહત્ત્વ પણ છે.


**ડૉ. દીનાનાથ શર્મા**, એસોસિએટ પ્રોફેસર, પ્રાકૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.



નામ : **શ્રીમતી જોલીબેન સાંડેસરા.**

સરનામું : સુરેશચંદ્ર ભગવાનદાસ સાંડેસરા

મહોલ્લો : કસુંબિયા વાડો, પાટણ

હાલ : અમદાવાદ.

'શીતલબાગ', સેંટલોર્ન હૉટલની બાજુમાં, આશ્રમ રોડ, વાડજ, અમદાવાદ-૧૩.

ફોન નં. : 079-27559312

M. : 09925 146518


## આધાર

### UNIQUE INDENTIFICATION NUMBER

ભારત સરકાર કોઈપણ વયના ભારતીય મૂળની વ્યક્તિઓ માટે ફરજિયાત યુનિક આઈડેન્ટિફિકેશન નંબર (આધાર) પ્રાપ્ત કરવા માટે જાહેરાત કરે છે.

આ નંબર સારાય વિશ્વમાં ભારતીય મૂળના નાગરિક માટે અતિ મહત્ત્વનો પુરવાર થઈ જશે. ભવિષ્યમાં આ નંબરની ઉપયોગિતા માટે કોઈ જ વિકલ્પ રહેશે નહીં. આપ આપના વિસ્તારની BMC ઑફિસ, BMC શાળામાંથી માહિતી મેળવી સંપર્ક કરી જરૂરી ફોર્મ મેળવીને, ભરીને કાર્ડ નંબર પ્રાપ્ત કરી લેશો. ફોર્મ અંગ્રેજી/મરાઠી (ગુજરાત માટે અંગ્રેજી/ગુજરાતી)માં ભરવાનું રહેશે.

દરેક વ્યક્તિ એ વ્યક્તિગત રીતે ફોર્મ ભરવા જવાનું રહેશે.

સાથે કોઈ પણ ઓળખપત્ર ઑરિજનલ + એક ઝેરોક્ષ કોપી લઈ જવાની રહેશે. (રેશનકાર્ડ, પેનકાર્ડ, પાસપોર્ટ, ઈલેક્ટ્રિસિટી બિલ, ટેલિફોન બિલ, ઈલેક્શન કાર્ડ વિગેરેમાંથી કોઈપણ.)

જે વ્યક્તિને ફોર્મ ભરવું હોય તેઓએ વ્યક્તિગત જવું પડશે. વ્યક્તિગત બન્ને હાથની દશ આંગળીઓનું તથા બન્ને આંખોનું સ્કેનિંગ કરવામાં આવે છે.

**વિશેષ જાણકારી માટે ફ્રી હેલ્પલાઈન નં. ૧૮૦૦-૧૮૦-૧૯૪૭**

**ફોર્મ પીડીએફ ફાઈલમાં પરિવર્તિત કરી તેની પ્રિન્ટ લઈ શકાશે**

**વેબસાઈટ www.uidaidards.com**

# તક–અવસર

● તક એક અજબ ચીજ છે; એની પાસે ધીરજ નથી હોતી, એ હાથ લાંબો કરે અને તમે એને ઝડપી ન લો તો એ અદૃશ્ય થઈ જાય છે–અને ફરી શોધી નહિ જડે.

❑ **બી. એન. દસ્તુર**

● બુદ્ધિશાળી વ્યક્તિ જેટલી તકો મળે છે, એનાથી વધુ તકો તો એ ઊભી કરે છે.

❑ **ફ્રાંસિસ બેકન**

● તકની એક ખાસિયત છે કે, તે આવે તેના કરતાં તે જતી રહે ત્યારે તે મોટી લાગે છે.

❑ **જ્યોર્જ બર્નાર્ડ શૉ**

● જ્યારે તક આવે ત્યારે તૈયાર રહો, કેમ કે, જ્યાં 'તક' અને 'તૈયારી' ભેગા મળે છે તેને જ 'તકદીર' કહેવાય છે.

❑ **ડેલ કાર્નેગી**

● માત્ર નસીબના ભરોસે બેસી રહેશો, તો તકને ક્યારેય નહિ ઓળખી શકશો.

❑ **આરિફશા**

**કહેવતો :**

● તક ભાગ્યે જ બીજી વાર મળે છે.

❑ **અંગ્રેજી કહેવત**

● ઈશ્વર જેની પાસે તક મોકલે છે, એ ઊંઘતો હોય એને જગાડી નથી શકતી.

❑ **આફ્રિકન કહેવત**

● તક તેવો તડાકો.

❑ **ગુજરાતી કહેવત**

● બુદ્ધિશાળી અવસર આવવાની રાહ જોતો નથી, અવસર પેદા કરે છે.

❑ **ઈટાલિયન કહેવત**

● ઉતાવળિયો પોતાની તકો પરથી કૂદીને ચાલ્યો જાય છે.

❑ **આલ્બેનિયન કહેવત**

● તકનો પાર નથી, ઝડપનાર જોઈએ !

❑ **ચીની કહેવત**

● તકની રાહ ન જુઓ, તકને શોધી કાઢો..

❑ **વિદેશી કહેવત**

● સંતોષી નર સદા સુખી.

❑ **ગુજરાતી કહેવત**

● સંતોષ કોઈ પણ સામ્રાજ્ય કરતાં મોટો છે.

❑ **અંગ્રેજી કહેવત**

**(સંકલિત)**

## યુદ્ધમાં પણ માનવતા રાખનાર સાચો વિજેતા

એક યુદ્ધ પછી નેપોલિયન ઓસ્ટ્રિયાની રાજધાની વિયેના નજીક પહોંચ્યો. સંધિનો પ્રસ્તાવ લઈને પોતાનો એક દૂત નગરમાં મોકલ્યો, પરંતુ નગરના લોકોએ પેલા દૂતને મારી નાખ્યો. આ સમાચાર સાંભળીને નેપોલિયન ગુસ્સાથી લાલઘૂમ થઈ ગયો. તેની વિશાળ સેનાએ વિયેનાને ચારે તરફથી ઘેરી લીધું. ફ્રાંસની તોપો આગ વરસાવવા લાગી. નગરના મકાનો પડવા લાગ્યાં. ચારે બાજુ તારાજીના દૃશ્યો સર્જાયા. એક દિવસ નગરનો દરવાજો ખૂલ્યો અને એક દૂત સંધિનો ઝંડો લઈને નીકળ્યો. નેપોલિયને દૂતનું સન્માન કર્યું. પેલા દૂતે કહ્યું, તમારી તોપો નગરના જ મધ્ય ભાગ પર અગનગોળા વરસાવી રહી છે, ત્યાં નજીકમાં જ રાજમહેલમાં અમારા રાજાની પુત્રી બિમાર છે. જો તમારા તરફથી વધુ ગોળા ફેંકવાનું ચાલુ રહેશે તો રાજાએ મજબૂર થઈને બિમાર પુત્રીને મહેલમાં છોડીને બીજે ક્યાંક જવું પડશે. નેપોલિયને સેનાપતિને કહ્યું કે જો આપણે નગરના મધ્યભાગ પર આમ જ ગોળા ફેંકતા રહીએ તો વિજય હાથવેંતમાં છે, પરંતુ માનવતાને ધોરણે બિમાર વ્યક્તિ પર દયા ખાવી જોઈએ.

પોતાનો આસાન વિજય નક્કી હોવા છતાં પણ નેપોલિયને નગરની વચ્ચે આગના ગોળા વરસાવતી તોપોને ત્યાંથી હટાવવાનો આદેશ આપ્યો. કથાનો સાર એ છે કે માનવ ધર્મ દરેક ધર્મથી સર્વશ્રેષ્ઠ છે અને યુદ્ધ ક્ષેત્રમાં તેનો અમલ કરનારો નૈતિક દૃષ્ટિથી સર્વોત્તમ વ્યક્તિ પુરવાર થાય છે.

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતમા આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશાશ્રીમાળી | મણીયાતી પાડો | ચંપકલાલ મણિલાલ શાહ | ૮૨ | પાટણ | ૨૬–૦૪–૧૧ | ચૈત્ર વદ ૯ |
| વિશાશ્રીમાળી | વખતજીની શેરી | ઊષાબેન રજનીકાતભાઈ દલાલ | ૬૬ | મુંબઈ | ૧૫-૦૫–૧૧ | વૈ. સુદ ૧૩ |
| દશા ઓસવાલ | મણીયાતી પાડો | કીર્તિલાલ જેશીંગલાલ ઝવેરી * | ૮૫ | મુંબઈ | ૧૬–૦૫–૧૧ | વૈ. સુદ ૧૪ |
| દશાપોરવાળ | વખારનો પાડો | નવીનચંદ્ર અંબાલાલ શાહ (ગાંભુવાળા)* | ૭૩ | મુંબઈ | ૨૮–૦૫–૧૧ | વૈ. વદ ૧૧ |
| વિશાશ્રીમાળી | શાંતિનાથની પોળ | ચંદ્રકાંતભાઈ જેશીંગલાલ શાહ | ૬૬ | મુંબઈ | ૨૯–૦૫–૧૧ | વૈ. વદ ૧૨ |
| વિશાશ્રીમાળી | ઢંઢેર વાડો | વ્રજલાલ મણિલાલ શાહ | ૮૭ | મુંબઈ | ૦૪–૦૬–૧૧ | જેઠ સુદ ૩ |
| વિશાશ્રીમાળી | ચૌધરીની શેરી | સુલોચનાબેન દિલીપભાઈ શાહ | ૭૭ | મુંબઈ | ૦૫–૦૬–૧૧ | જેઠ સુદ ૪ |
| વિશાશ્રીમાળી | વખતજીની શેરી | જિતેન્દ્રભાઈ અમૃતલાલ શાહ | ૬૫ | પાટણ | ૦૮–૦૬–૧૧ | જેઠ સુદ ૭ |
| દશાશ્રીમાળી | કોકાનોપાડો | મહેશભાઈ સોમચંદ શાહ | ૬૫ | મુંબઈ | ૦૮–૦૬–૧૧ | જેઠ સુદ ૭ |
| દશાશ્રીમાળી | ચૌધરીની શેરી | કુસુમબેન સેવંતીલાલ મણિયાર* | ૮૯ | મુંબઈ | ૦૯–૦૬–૧૧ | જેઠ સુદ ૮ |
| વિશાશ્રીમાળી | વખતજીની શેરી | મધુબેન વિનોદચંદ્ર શાહ (રાજુલાવાળા) | ૬૯ | મુંબઈ | ૧૨–૦૬–૧૧ | જેઠ સુદ ૧૧ |
| વિશાશ્રીમાળી | પોળની શેરી | વિનોદચંદ્ર મૂળચંદ શાહ* | ૭૬ | મુંબઈ | ૧૩–૦૬–૧૧ | જેઠ સુદ ૧૨ |

***ચક્ષુદાન કરેલ છે. ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ● દેહદાન કરો અને કરાવો**

# સાભાર સ્વીકાર

**મંડળના વિવિધ ફંડો તથા પ્રવૃત્તિઓમાં સ્વૈચ્છિક આર્થિક ભેટ આપવા બદલ સર્વે શુભેચ્છકોનો હાર્દિક આભાર**

**શ્રી હરસુખલાલ બાપુલાલ શાહ તથા શ્રીમતી રસીલાબેન હરસુખલાલ શાહ ડેન્ટલ ટ્રીટમેન્ટ મેડિકલ રીલીફ કોરપસ ફંડ**

૨૫,૦૦,૦૦૦/- શ્રી હરસુખલાલ બાપુલાલ શાહ પરિવાર
હસ્તે : શ્રી હરસુખલાલ બાપુલાલ શાહ,
શ્રી નિર્મળભાઈ, શ્રી અનિલભાઈ, શ્રી જયેશભાઈ
તથા શ્રી શિરીષભાઈ (લખીયારવાડો-કનાસાનો પાડો)

**સિનીયર સિટીઝન કોરપસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રીમતી રેખાબેન ભૂપેન્દ્રભાઈ શાહ
૬૦ મી વર્ષગાંઠ નિમિત્તે (ઝવેરીવાડો)
હસ્તે : શ્રી વિરલભાઈ ભૂપેન્દ્રભાઈ શાહ

**મેડિકલ, વૃદ્ધજન અને વિકલાંગ સહાય ભેટ**

૭૫,૦૦૦/- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ અને
પિતાશ્રી કાંતિલાલ મણિલાલ શાહ (ખેતરવસી)
હસ્તે :શ્રી પ્રફુલભાઈ, શ્રી ચંદ્રકાતભાઈ તથા
શ્રી તરુણભાઈ શાહ
શ્રી કાંતિલાલ મણિલાલ શાહના વીલના ટ્રસ્ટીઓ

**વૃદ્ધજન સહાય ફંડ**

૫૦,૦૦૦/- શ્રીમતી વસુમતીબેન ફકીરચંદ શાહ (ખેતરપાળનો પાડો)

**સમાજ વિકાસ કોરપસ ફંડ**

૩૧,૦૦૦/- શ્રી રમેશભાઈ સનાલાલ શાહ (મલ્લાતનો પાડો)

## હેલ્થ કેર સેન્ટર

**શ્રી પાટણ જૈન મંડળ દ્વારા મરીન ડ્રાઈવ, ગોરેગામ તથા બોરીવલી** ખાતે માંદગી સમયે જરૂરિયાત મુજબના સઘળા સાધનો, ઑક્સિજન સહિત રાખવામાં આવેલ છે, જેનો ખૂબ જ બહોળા પ્રમાણમાં લાભ લેવાય છે. આ પ્રવૃત્તિ સાર્વજનિક છે. સાધનો માટે કોઈ પણ પ્રકારનો જ ચાર્જ અથવા વળતર લેવામાં આવતું નથી. સેવા ભાવનાની આ ઉત્તમ સુવિધા અને સગવડ ધરાવતી પ્રવૃત્તિ સંસ્થા અનેકોના મૂક આશીર્વાદથી ફૂલીફાલી રહેલ છે. જરૂરિયાતવાળાઓ વધુ ને વધુ લાભ મેળવે તે માટે મંડળ સદા તત્પર રહે છે.

સાધનોના ઉપયોગ થકી અનેકોએ રાહત મેળવી છે અને સંસ્થા પ્રત્યેના ઋણભાવથી સ્વૈચ્છિક રીતે હેલ્થ કેર સેન્ટરને ઉદારતાપૂર્વક દાનની રકમ ઉપરાંત સાધનો ભેટ આપનાર સખી દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવે છે.

ઈમરજન્સીમાં કામ આવતા ઑક્સીજન જનરેટર મશીન જેની લગભગ કિંમત ૩૫૦૦૦/- થી ૪૦,૦૦૦/- થાય છે તેવા બે મશીનોની ભેટ મંડળને **શ્રીમતી કેતકીબેન દીપકભાઈ શાહ–કટકીયાવાડો** તરફથી પ્રાપ્ત થયેલ છે તેનો સહર્ષ સ્વીકાર કરી દાતાશ્રી પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છીએ.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

**સમાજ વિકાસ ફંડ**

૨૫,૦૦૦/- શ્રીમતી વિમળાબેન ભોગીલાલ શાહ
હસ્તે : શ્રી દેવેન્દ્રભાઈ ભોગીલાલ શાહ (જાફુજીવાળા)
(તંબોલીવાડો)

૧૦,૦૦૦/- શ્રી ક્રિશિતભાઈ ભાવેશભાઈ દેવેન્દ્રભાઈ શાહ
હસ્તે : શ્રી દેવેન્દ્રભાઈ ભોગીલાલ શાહ (જાફુજીવાળા)
(તંબોલીવાડો)

**દવા સહાય ભેટ**

૨૦,૦૦૦/- શ્રીમતી જ્યોતિબેન અતુલભાઈ શાહ
શ્રીમતી તરૂલતાબેન તથા શ્રી ચંદ્રકાંતભાઈ મનસુખલાલ
શાહની (વૈશાખ સુદ પૂનમ) ૬૦ મી લગ્ન જયંતીની
ખુશાલીમાં (અબજી મહેતાનો પાડો)

૧,૦૦૦/- ડૉ. જનકભાઈ રમણલાલ શાહ તરફથી
ચિ. ડૉ. દીપમના લગ્ન પ્રસંગે (લખીયાર પાડો)

**શિક્ષણ સહાય ભેટ**

૨૦,૦૦૦/- શ્રી કુનાલભાઈ અતુલભાઈ શાહ
શ્રીમતી તરૂલતાબેન તથા શ્રી ચંદ્રકાંતભાઈ મનસુખલાલ
શાહની (વૈશાખ સુદ પૂનમ) ૬૦ મી લગ્ન જયંતીની
ખુશાલીમાં (અબજી મહેતાનો પાડો)

૫,૦૦૧/- શ્રી ચીનુભાઈ ચીમનલાલ શાહ પરિવાર
કુ. મોનલ પીયૂષભાઈ શાહ
C.F.A. પાસ થયાની ખુશાલીમાં (તંબોલીવાડો)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૧,૧૦૦/- શ્રી મણિલાલ ગભરૂચંદ શાહ
હસ્તે : શ્રી પ્રફુલભાઈ મણિલાલ શાહ (મણિયાતી પાડો)

૧,૦૦૦/- શ્રી રમણલાલ મોતીચંદ શાહ (કુંભારીયા પાડો)ના
આત્મશ્રેયાર્થે

**હેલ્થ કેર સાધન ભેટ**

૫,૦૦૦/- શ્રીમતી વસંતબેન જી. શ્રોફ
૨,૫૦૦/- શ્રી ચુનીલાલ ડી. જૈન
૨,૦૦૦/- શ્રી ચિતરંજનભાઈ આર. દલવી

* * *

## આધાર

**UNIQUE INDENTIFICATION NUMBER**

પાના નં. ૧૩ પર પ્રગટ થયેલ ઉપરોક્ત માહિતી અંગેની વિગતમાં વેબસાઈટ ભૂલથી ખોટી લખાયેલ છે.

વેબસાઈટ **www.uidaicards.com** સુધારીને વાંચવા વિનંતી

વિશેષ જાણકારી માટે ફ્રી હેલ્પલાઈન નં. ૧૮૦૦-૧૮૦-૧૯૪૭

ફોર્મ પીડીએફ ફાઈલમાં પરિવર્તિત કરી તેની પ્રિન્ટ લઈ શકાશે.

PATAN PRATIBIMB★JUNE 2011★PRICE Rs.2/-★Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25 or 26 of every month.Regd.No.MH/MR/South-135/2009-11

સુસંસ્કૃત સમાજના સંન્નિષ્ઠ સાન્નિધ્ય થકી,
શિક્ષણ,સ્વાવલંબન અને તબીબી સહાયનો સમન્વય

## શ્રી પાટણ જૈન મંડળ

# સમાજ વિકાસ ફંડ

એક નૂતન અભિગમ અને અનન્ય અભિયાન

### મુખ્યદાતા

- બાબુ પનાલાલ પૂનમચંદ ચેરિટેબલ ટ્રસ્ટ, ખજૂરીનો પાડો
- બાબુ સાહેબ નાનકચંજી પુરણચંદજી ટ્રસ્ટ, ખજૂરીનો પાડો
- બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટ, ખજૂરીનો પાડો
- શ્રીમતી ગુણવંતીબેન પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ, ઢંઢેરવાડો
- શ્રીમતી ગુલાબબેન રમણલાલ શાહ, વખતજીની શેરી
  હસ્તે : શ્રી હિતેનભાઈ પ્રવીણચંદ્ર શાહ
- શ્રીમતી હસુમતીબેન રમેશચંદ્ર બાપુલાલ શાહ
  હસ્તે : શ્રીમતી મોનીકાબેન સંજયભાઈ શાહ, ડંક મહેતાનો પાડો
- શ્રીમતી નિર્મળાબેન રવીન્દ્રભાઈ મોહનલાલ શાહ, ખજૂરીનો પાડો
- શ્રી વીરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, મલ્લાતનો પાડો
- શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
- શ્રી મફતલાલ ચુડઘર ચેરિટેબલ ટ્રસ્ટ, ચોઘરીની શેરી
- શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ, ડંક મહેતાનો પાડો
- શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ, કોકાનો પાડો
- શ્રી હરસુખલાલ બાપુલાલ શાહ તથા શ્રીમતી રસિલાબેન હરસુખલાલ શાહ, હસ્તે : શ્રી નિર્મળભાઈ, શ્રી અનિલભાઈ, શ્રી જયેશભાઈ, શ્રી ગિરીશભાઈ અને શ્રી શિરીષભાઈ, લખિયાર વાડો
- શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર પોપટલાલ શાહ, હસ્તે : શ્રી જિતેન્દ્રભાઈ, કનાસાનો પાડો
- શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ, ચેરિચેબલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ, ચીતારાની ખડકી
- શ્રીમતી હંસાબેન મનહરભાઈ કેશવલાલ શાહ,
  હસ્તે : શ્રી શ્રેણિકભાઈ મનહરલાલ શાહ, લખીયારવાડો
- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા,હસ્તે: શ્રી દાનેશભાઈ, કનાસાનો પાડો
- શ્રીમતી લીલાવતીબેન પનાલાલ મણિલાલ શાહ, વસાવાડો

### આધારસ્તંભદાતા

- શ્રીમતી સુભદ્રાબેન ભોગીલાલ ઝવેરી (સાહેબા), ચોઘરીની શેરી
- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ, ડંક મહેતાનો પાડો
- શ્રી નવીનભાઈ નેમચંદભાઈ શાહ (ગુંદરવાળા), વાસુપૂજ્યની શેરી
- શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ, મારફતીયા મહેતાનો પાડો
- શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા), ખેતરવસી
- શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ, કપુર મહેતાનો પાડો
- શ્રી કેશરીચંદ જેશીંગલાલ શાહ, ઢંઢેરવાડો
- શ્રી શાંતિલાલ રીખવચંદ શાહ, કોકાનો પાડો
- શ્રી નવીનચંદ્ર ખૂબચંદ શાહ, ઢંઢેરવાડો
- શ્રી અશોકભાઈ પોપટલાલ શાહ, હસ્તે : શ્રી ચિરાગભાઈ, કનાસાનો પાડો
- શ્રીમતી જિનબાળાબેન હસમુખલાલ શાહના સ્મરણાર્થે,
  હસ્તે : શ્રીમતી કનકબેન કેતનભાઈ શાહ, ઢંઢેરવાડો
- શ્રી પ્રવીણચંદ્ર વૃજલાલ શાહ(મંત્રી) હસ્તે શ્રી વિરેશ પ્રવીણચંદ્ર શાહ,કનાસાનો પાડો
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી, સાલવી પાડો
- શ્રીમતી સરલાબેન વિજયભાઈ હીરાલાલ શાહ, કસંબીયાવાડો
- શ્રી મહાસુખલાલ કેશવલાલ શાહ, હસ્તે : શ્રી પંકજભાઈ, શ્રી રોહિતભાઈ, શ્રી ભરતભાઈ (મારફતીયા મહેતાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી, મનમોહનજીની શેરી

## SHRI PATAN JAIN MANDAL

### LAND AND BUILDING FUND

સ્વ. શ્રીમતી ગીતાબેન રાકેશભાઈ કાંતિલાલ શાહ રૂા. બે કરોડ

## SHRI PATAN JAIN MANDAL

### REVOLVING FUND

To provide interest free Educational Loan

| DONOR | DONATION In 5 Years |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah**, Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala**, Kanasano Pado by Daneshbhai, Bhagyeshbhai, Sukeshbhai, Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund**, Khajurino Pado | Rs. 15 Lakhs |

**Target for REVOLVING FUND is Rs. 5 Crore**

For studies in India, Shree Patan Jain Mandal shall provide interest free Educatinal loan up to Rs. 2 lakhs to deserving PATANI sudents for their higher studies and high cost specialised courses.

## શ્રી પાટણ જૈન મંડળ

### મેમોરીયલ ફંડ

વિલ દ્વારા નોંધાવાયેલ
અનુકરણીય અને અનુમોદનીય સખાવત

| દાતાનું નામ | દાનની રકમ અંદાજીત |
|---|---|
| • **શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા,** મનમોહનજીની શેરી | રૂા. ૮ કરોડ |
| • **શ્રીમતી નિર્મળાબેન (દેવીબેન)** શામળાજીની શેરી (ખેતરવસી) સ્વ. શ્રી ધીરજલાલ પોપટલાલ શાહના સ્મરણાર્થે | રૂા. ૧૦ લાખ |

વસિયતનામા (વિલ) દ્વારા મેમોરીયલ ફંડમાં સખાવત કરનાર દાતાની ભાવના અનુસાર, દાનની રકમનો ઉપયોગ મંડળની વિશેષ પ્રવૃત્તિઓમાં કરવામાં આવશે.

### સહાયકદાતા

- શ્રી જે. કે. શાહ, ભાભાનો પાડો
- શ્રી પ્રદીપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી, કોબે-જાપાન
- શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ, કેશુશેઠનો પાડો
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત શાહના સ્મરણાર્થે, પોળની શેરી
- ડૉ. જયંતીલાલ મણિલાલ પટણીના સ્મરણાર્થે, મનમોહનજીની શેરી
- શ્રી રમેશભાઈ સનાલાલ શાહ, મલ્લાતનો પાડો
- શ્રીમતી સુરેખાબેન મહેશભાઈ શાહ, ખેતરવસી
- શ્રી કંચનલાલ વાડીલાલ શાહ, મનમોહનજીની શેરી
- શ્રી ભગવાનદાસ પૂનમચંદ શાહ, હસ્તે : મનીષભાઈ ભગવાનદાસ શાહ (મદ્રાસ),
- શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ (લાદીવાલા), કનાસાનો પાડો
- શ્રી નવીનચંદ્ર ચીમનલાલ મણિયાર, ચોઘરીની શેરી

(ચાલુ પા. નં. ૫)

Edited, Printed & Published by Bhartiben Bhagubhai Shah on behalf of Shri Patan Jain Mandal and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Marine Drive, Mumbai-400020.